# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૧ વર્ષ - ૧૫ : ડિસેમ્બર–૨૦૧૧

## તા. ૧૫-૬-૧૯૬૬, શ્રી યોગસાર ગાથા-૨૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન - ૯



૨૨. હવે પોતે જ આવ્યો. ઓલું (–૨૧ ગાથામાં) જિન સો હી પરમાત્મા (કહીને) એમ જરી મેળવ્યું હતું. હવે મૈં હી પરમાત્મા હૂં. એમ અનુભવ કર મૈં હી પરમાત્મા હૂં. વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં, ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રની ઉપસ્થિતિના સમવસરણમાં લાખો, કરોડો દેવોની હાજરીમાં ભગવાનની વાણીમાં આવ્યું, તું પરમાત્મા છો એમ નક્કી કર, તું પરમાત્મા છો એમ નક્કી કર. ઓ..હો..હો..! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો. એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે? કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ. આહાહા..! જુઓ! ફેરવી વાત.

**जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु।**
**इउ जाणेविणु जोइआ अण्णु म करहु वियप्पु।।२२।।**

આહાહા..! જુઓ આ! કહે છે કે, ભાઈ! હે ધર્મીજીવ! **'જે પરમાત્મા છે તે જ હું છું...'** પરમાત્માને વિકલ્પ નથી, પરમાત્મા બોલતા નથી, પરમાત્મા બોલવામાં આવતા નથી, એવો જ હું આત્મા પરમાત્મા છું એમ અનુભવ દૃષ્ટિમાં લે. આહાહા..! અહીં તો વિશેષ કહે છે કે, **'अण्णु म करहु वियप्पु'**. બીજા જેટલા વિકલ્પો કરે, બીજાને સમજાવવાના, આ શાસ્ત્ર રચવાના, એનાથી તું મોટપ માનીશ (તો) એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? હવે બધી શાસ્ત્ર-બાસ્ત્ર ચર્ચા છોડીને આ કર, એમ કહે છે. ક્યાં સુધી તારે શાસ્ત્રની ચર્ચાઓ મથવી છે? આ શાસ્ત્રમાં આમ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે. એ તો બધી વિકલ્પની ઝાળ છે. આહાહા..!

**'जो परमप्पा सो जि हउं'** હું છું, એમ. **'सो जि हउं'** એ પરમાત્મા તે જ હું છું. વળી ઓલા પરમાત્મા જેવો જાણ, એમ નહિ. અહીં તો કહે છે, પરમાત્મા જ હું છું. પહેલું એની સાથે મેળવ્યું હતું. અહીં તો પરમાત્મા

પૂર્ણાનંદ સ્વરૂપ એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત ગુણનો પિંડ પ્રભુ, પિંડલો ભગવાન તે જ હું છું. એમ અંતરમાં નિશ્ચયમાં અનુભવમાં લાવ અને એનો અનુભવ કરવો એ તારા લાભમાં જાય છે. બાકી જેટલા વિકલ્પ કરવા ને વાણી-ફાણી એ બધું, શાસ્ત્રની ચર્ચાઓ ને વાદવિવાદ ને શાસ્ત્રચર્ચા કરવી એ બધું લાભમાં નથી, એમ અહીં તો કહે છે. હેં? સમજાણું કાંઈ?

એણે કહ્યું છે, **'વ્યવહારની કલ્પનાઓ છોડીને કેવળ એક શુદ્ધ નિશ્ચયનયથી પોતાના આત્માને ઓળખ.... શાસ્ત્રોનું જ્ઞાન સંકેત માત્ર છે. શાસ્ત્રના જ્ઞાનમાં જ જે અટવાયા કરશે તેને પોતાના આત્માનું દર્શન નહિ થાય.'** આહાહા..!

મુમુક્ષુ :– કલ્પનાઓ કરી બધી વ્યવહારની.

ઉત્તર :– કલ્પના જ છે ને પણ વ્યવહારની. (તો કહે), નહિ, કલ્પના નહિ. હવે સાંભળને!

મુમુક્ષુ :– એનાથી તો સંવર, નિર્જરા થાય છે, સાહેબ!

ઉત્તર :– ધૂળ થાય છે. ભગવાન ચિદાનંદ બિરાજે છે ને તું વ્યવહાર રાંકાથી (લાભ માને). પરમેશ્વર થયો રાંકો. ભિખારી પરમેશ્વર થયો. એલા.. પરમેશ્વર પરમેશ્વર થાય કે ભિખારી પરમેશ્વર થાતો હશે? વ્યવહારનો રાગ ભિખારી છે, રાંક છે. નાશ થવાને લાયક છે એ પરમેશ્વરપદને પ્રાપ્ત કરાવે? સમજાણું કાંઈ? શાસ્ત્રની ચર્ચાઓ અને કલ્પનાઓ, એ કલ્પના પરમેશ્વરપદને પ્રાપ્ત કરાવે? ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવો શાસ્ત્રની કલ્પના (–ચર્ચા) કરે. મૂક, આ કલ્પના છૂટ્યે, સ્થિર થયે કેવળજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો વીરોના માર્ગ છે, ભાઈ! આહાહા..! '....' એ આચાર્યનો ટુકડો પહેલા ખૂબ લેતા. ઇ બધા તમે લખ્યા હતા. (સંવત) ૧૯૮૨ની સાલમાં, ખબર છે? 'વઢવાણ'. 'વીરવાણી.. વીરવાણી' આવતી ને? 'વીરવાણી'. (સંવત) ૧૯૮૨ની સાલમાં ચોમાસુ હતું. ૧૯૮૨માં ઇ બધા ટુકડા લખતા. '....' ભગવાન ફરમાવે છે કે, અરે... આત્મા! તારો માર્ગ તો અફરગામીનો માર્ગ, ભાઈ! જે રસ્તે ચડ્યો ત્યાંથી ન ફર એવો તારો માર્ગ છે. આચાર્યના ટૂકડા છે. '...'માં. '...' પણ મહાપુરુષાર્થે આચરણમાં મૂકાય એવો તારો માર્ગ છે. એ કંઈ રેંજીફેંજી, પાવૈયા, હિજડાનો માર્ગ નથી. જે માર્ગે તું ચડ્યો (એ) અફર માર્ગ છે. નિજ અવ્યક્તગામી પાછો ન ફર એવો તારો રસ્તો છે. કેવળજ્ઞાન લીધે છૂટકો, એવો તારો માર્ગ છે. એ..ઇ...! 'વીરવાણી'માં લખતા, પછી પાછળથી છપાવતા. (સંવત) ૧૯૮૨-૮૩માં તે દિ' આમ કહેતા, હોં! તે દિ' પણ. સભા હોય, આ શું કહે છે પણ? આચારંગનો ટૂકડો છે. નમો લોએ સવ્વસાહુણંએવા ટૂકડા ૨૫-૫૦ એવા છે. નમો લોએ સવ્વસાહુણં ભગવાન કહે છે, હે વીર! દુનિયાના માર્ગ સાથે મારા વીતરાગમાર્ગને મેળવીશ નહિ. પ્રરૂપણા કરીશ નહિ. દુનિયા શું માને છે? ફલાણા શું માને છે? મોટા પંડિતો શું માને છે? હવે મૂકને પડતી. એ બધા હોળી કરે છે. નમો લોએ સવ્વસાહુણં અમારો વીતરાગનો માર્ગ પૂર્ણાનંદના પંથે વહેલા, લોકના સાથે એના માર્ગને મેળવતા નથી. લોક સાથે ક્યાંય મેળ ખાય (નહિ), બિલકુલ મેળ નહિ ખાય. લોકો તો મૂઢ છે, માળા! ઘણા જણાં હોય તો શું થઈ ગયું? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા હું પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય મહા પરમાત્માના અંતર સ્વરૂપે ભરેલો ઇ પરમાત્મા જ હું છું. અરે..! **'जो हउं सो परमप्पु' 'તથા જે હું છું તે જ પરમાત્મા છે...'** લ્યો! **'જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે જ પરમાત્મા છે...'** અરસપરસ લઈ લીધું. હું તે પરમાત્મા અને પરમાત્મા તે હું. આ તે ક્યા પુરુષાર્થે કબુલાત આવે? ભાઈ! આહાહા! ભાઈસાહેબ! અમને બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, એક જરી આબરૂ થોડી ઠીક ન પડે તો આંચકો ખાય જાય, એને તમે પરમાત્મા કહો? અરે..! છોડને. એ કે દિ' તારા સ્વરૂપમાં હતા? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ પરમેશ્વરને પર્યાયમાં વિકલ્પની આડમાં ભગવાન પડ્યો છે આખો પરમેશ્વર, તેં ગોપવી દીધો છે. વિકલ્પની આડમાં ગોપવી દીધો. નિર્વિકલ્પનાથ ભગવાન નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ છે, એ નિર્વિકલ્પ દશાથી જ પ્રાપ્ત થાય એવો છે. સમજાણું

કાંઈ? આહાહા..!

જે પરમાત્મા છે તે જ હું છું. **'इउ जाणेविणु' 'એમ જાણીને...' 'अण्णु वियप्प म करहु'** એમ કરીને (કહે છે), બીજો વ્યવહાર, શાસ્ત્રના ભણતરના વિકલ્પો, પંચ મહાવ્રતના વિકલ્પો, નવ તત્ત્વના ભેદના વિકલ્પો, મહાવ્રતના વિકલ્પો, નવ તત્ત્વના ભેદના વિકલ્પોએ બધું હવે ન કર, ન કર, કરવાનું તો આ છે.

મુમુક્ષુ :– પોતે મહાવ્રત કરે છે ને મહાવ્રતના વિકલ્પ છોડ, એમ કહે છે?

ઉત્તર :– છોડ, છોડ, છોડ એમ કહે છે. જુઓ! આ પોતે કહે છે.

મુમુક્ષુ :– પોતે કહે છે?

ઉત્તર :– આ શું કહે છે? છોડ. છોડવા જેવું છે તે છોડ, આદરવા જેવું છે ત્યાં ઠર. આહાહા..! પોતાની અંદર વસ્તુ આમ અનંત આનંદ અને અનંત ગુણથી ભરેલું આખું તત્ત્વ, એકલો પરમાત્માનો પોતે પિંડ છે. પરમ સ્વરૂપનો પિંડ ભગવાનઆત્મા છે, એનો આશ્રય (લે). એ જ હું. વિકલ્પ છોડી દે. શાસ્ત્રના ભણતરના વિકલ્પ છોડી દે. બીજાને સમજાવું તો મને લાભ થાય, એ તો એની માન્યતામાં હોય જ નહિ. પણ બીજાને સમજાવવાનો વિકલ્પ પણ મને લાભદાયક નથી. આહાહા..! આ વીતરાગમાર્ગ. આહાહા..! લાખો માણસ સમજી જાય, આહાહા..! તારે શું છે પણ? તું ક્યાં ત્યાં વિકલ્પ ને વાણીમાં છો? જ્યાં તું છો ત્યાં વિકલ્પ અને વાણી નથી, એ તો પરમાત્મસ્વરૂપ ચિદાનંદ અખંડ જ્ઞાતા-દૃષ્ટા નથી. ત્યાં એ વિકલ્પ, વાણી નથી. હવે તારે ન્યાંથી લાભ લેવો છે? સમજાણું કાંઈ? વિકલ્પ અને વાણી છે ત્યાં અજીવ તત્ત્વ અને બંધ તત્ત્વ છે. બંધ તત્ત્વમાં અબંધ ભગવાન બિરાજે છે? આહાહા..!

અબંધસ્વરૂપી પ્રભુ મોક્ષસ્વરૂપી આત્મા. વસ્તુ એટલે અબંધસ્વરૂપ. વસ્તુ એટલે કે મોક્ષસ્વરૂપ. વસ્તુ એટલે પૂર્ણ આનંદના પ્રગટ પ્રગટ શક્તિરૂપ આખું તત્ત્વ. એવા પરમાત્મા તે હું અને હું તે પરમાત્મા, એમ જાણીને હે આત્મા! બીજા વિકલ્પો છોડ, ભાઈ! છોડ. આહાહા..!

ઓલો કહે, નહિ. હજી શુભ વિકલ્પો કરશો તો ક્ષાયિક સમકિત થાશે. અરે...! કાળા કેરના કરી નાખ્યા તેં. પરમાત્માને લૂંટાવી નાખ્યો તેં, માળા! સમજાય છે કાંઈ? બાપા! એ નિગોદના ફળ તને આકરા પડશે, ભાઈ! આ દુનિયા તો બિચારી અત્યારે ઝીલશે કે, હા. આપણને તો કેટલું (મળે છે)! કેવો માર્ગ કહે છે! આહાહા..! શુભમાં તો ધર્મ થાય. ધૂળમાંય થોડો (ન થાય). શુભમાં ભગવાન પડ્યો છે? શુભથી પાર આત્મા છે. એવા આત્માનું અંદર શ્રદ્ધા, જ્ઞાન કર્યા વિના આના વડે મને મળશે, મૂઢ પામર થઈ જઈશ, નિગોદમાં જઈશ. હીણો પડતાં પડતાં પડતાં હું આત્મા છું કે નહિ, એ શ્રદ્ધા ઊડી જશે. આત્મા છું એવો વ્યવહાર, અંદર અંશે શ્રદ્ધા છે તે ઊડી જશે. આહાહા..!

આળ ન દે, આળ ન દે, ભગવાનઆત્માને આળ ન દે. આળ દીધા (તો) આળ ચડી જશે તારા ઉપર. આહાહા..! એ એક શબ્દ આવતો હતો, નહિ? જે બીજાને આળ આપે છે તે પોતાને આળ આપે છે. એવો શબ્દ છે. તે દિ' વ્યાખ્યા કરતા. એ બધા લખાણ તમારી 'વીરવાણી'માં આવ્યા છે. ભાઈ ભેગા હતા? એમ. ત્યાં હતા તો ખરા, પણ આ લખવામાં ભેગા હતા? કો'ક વખતે.

જે કોઈ પોતાની આત્મસત્તા આવી પરમાત્મસત્તાને આળ આપે છે કે, હું એવડો નહિ, હું રાગવાળો ને અલ્પજ્ઞ ને નીચવાળો. એ આળ આપનારાઓ, આત્મામાં હું નહિ એમ એને એકવાર આળ આપશે. જગતમાં હું આત્મા જ નથી. હું નથી, હું નથી. ક્યાં હું ક્યાં છું? સમજાણું? આંધળો થઈ જઈશ. હું આત્મા જ, પરમાત્મા જ છું. અલ્પજ્ઞ અને રાગ નહિ, હું પરમાત્મા જ છું. એ સિવાય વિકલ્પને છોડી દે. એ બીજા વિકલ્પોથી કંઈક લાભ થશે, કંઈક લાભ થશે (એ છોડી દે). હેં? તીર્થંકર ગોત્ર બાંધે અને તીર્થંકર ગોત્ર બાંધે એને અલ્પ ભવમાં મુક્તિ થાય, લ્યો! 'શ્રીમદ્' કહે છે, એક જીવને પણ જો બરાબર સમજાવે તો તીર્થંકર ગોત્ર બાંધે. પણ બાંધે ને? એમ કહે છે. છૂટ્યો ક્યાં એમાં? અન્ય વિકલ્પ ન કર. અહીં તો તીર્થંકર ગોત્ર બાંધવાનો વિકલ્પ પણ છોડી દે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા

પરમાત્મસ્વરૂપ છે ને, પ્રભુ! અરે..! તારે ખજાને ખોટ ક્યાં છે કે તારે બીજાનું શરણું લેવું પડે? આહાહા..!

મુમુક્ષુ :– પાંચમાં આરામાંય એવું છે?

ઉત્તર :– પાંચમા આરામાં ક્યાં, આરામાં આત્મા જ નથી. આરામાં આત્મા નથી, આત્મામાં આરો નથી. એ બે ભાઈઓ 'વીરવાણી' લખતા. સમજાણું કાંઈ? આ સિદ્ધાંતો ચાલે છે ને પાધરા! આહાહા..!

**'अण्णु म करहु वियप्पु'** ભગવાન! આહાહા..! કોણ કહે છે? સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. અહીં મુનિ કહે છે. સમજાય છે? મુનિરાજ દિગંબર સંત 'યોગીન્દ્રદેવ' જંગલવાસી, જેને એક કપડાનો તાણો નહોતો. જંગલમાં રહેતા. એકલા કપડાનો તાણો (નહોતો), એમ નહિ. એક વિકલ્પની લાગણીનો તાણો મારામાં નથી, એવા એ હતા. જે ભાવે મહાવ્રત વિકલ્પ ઊઠે એ મારામાં નથી, એવા એ હતા. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, **'इउ जाणेविणु जोइआ'** એ સ્વરૂપમાં એકાગ્ર કરનાર જીવ! એ એકાગ્ર સિવાયના વિકલ્પો છે, ચાહે જેવો હોય, પંચ મહાવ્રતના હો, વ્યવહાર સમિતિ, ગુપ્તિના હો, વ્યવહાર પરને સમજાવવાના હો, શાસ્ત્ર વાંચવાના હો. હવે વાંચી વાંચીને ક્યાં સુધી વાંચવા છે તારે? એમ કહે છે. એ.. ભાઈ ! વાંચીને શું વાંચ્યા કરવું છે? કે ઓલો (–ભગવાન) વાંચવો છે અંદર?

અહીં તો કહે છે કે, એ વાંચેલા જ્ઞાનથી પકડાય એવો નથી, એવો ઇ છે. એ.. ભાઈ ! આરે...! એ શાસ્ત્રના જાણેલા જ્ઞાનથી પકડાય એવો નથી. શાસ્ત્ર ને શાસ્ત્ર તરફનું જ્ઞાન એ પરાલંબી જ્ઞાન છે. છોડ તેની મહિમા, તે વિના આત્માનો પત્તો નહિ લાગે, એમ કહે છે. આહાહા..! અહીં તો વિકલ્પની વાત કરી પણ એ વિકલ્પ છે. ભેદ છે, પર તરફનું જ્ઞાન એ આત્માના સ્વભાવનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! ઊંચો થઈ જાય, પાવૈયો હોય તો ન થાય. પાવૈયાને પાના ન ચડે. સમજાણું?

માતા 'દેવકી', 'શ્રીકૃષ્ણ' ત્યાં ઉછર્યા હતા ને? બીજે ઉછર્યા હતા ને? ગોવાળને ત્યાં. જ્યાં માતાને દેખીને પ્રેમ આવ્યો અને માતાના સ્તનમાં દૂધ આવ્યું. કુદરતે દૂધ આવ્યું. આમ જન્મ આપ્યો છે ને એણે! આ શું? કહે છે. ભરવાડને ત્યાં જન્મ આપ્યો ને આ મારી માતા લાગે છે. આને દૂધ શું આવ્યું આ? આ મારી જનેતા લાગે છે. ભરવાડને ત્યાં તો મને મૂક્યો લાગે છે. વાસુદેવ હતા ને! મહાવિચિક્ષણ બુદ્ધિવાળા હતા. 'દેવકી'ને કેમ દૂધ આવ્યું? આ મારી માતા લાગે છે. હું પણ આમ જોઉં તો બળ ને શરીરની બધી સ્થિતિ આવી લાગે છે. જ્યાં હું ભરવાડમાં ઉછર્યો હતો એ નાતની જાતનો હું નથી લાગતો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આમ નજર કરે ત્યાં રાણીને કહે, રાણીના દેદાર પણ જુદી જાતના, પુણ્યશાળી છે ને! દેવકી તો પુણ્યશાળી! આહા..! એ દેદારના પેટનો હું લાગું છું. આ નહિ, આ નહિ. માટે એના સ્તનમાં દૂધ આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! એમ આત્મા એ વિકલ્પની જાતનો નથી. નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાનઆત્મા નિર્વિકલ્પદૃષ્ટિથી પકડાય એવો છે, એમ કહે છે. સમજાણું આમાં?

**'अण्णु म करहु वियप्पु'** પંચ મહાવ્રતના વિકલ્પ પણ છોડી દે. ભગવાન તો એમ કહે છે કે, અમને સાંભળવું છોડી દે. આ પ્રભુ શું કહે છે પણ આ? એ..ઇ..! ભગવાન ફરમાવે છે કે, અમારી સામું જોવું છોડી દે. અમારી સામે જોવે તારો ભગવાન હાથ નહિ આવે. આહાહા..! દિવ્યધ્વનિ કહે છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એમ આવ્યું, ત્રિલોકનાથ સમવસરણમાં ફરમાવતા હતા, અરે.. આત્મા! તું પરમાત્મા છો, અંતરની ચીજમાં પરમાત્મા ન હો તો પર્યાય કાળે પરમાત્મા ક્યાંથી આવશે? શું બહારથી આવે એવો છે? ભગવાન પરમાત્માનું સ્વરૂપ જ તારું છે. ગર્ભમાં રહ્યો એ વાંદરો અને જન્મે બાળક? એમ બનતું હશે? ગર્ભમાં માણસનું બાળક તે પણ એવું હોય એનું એનલાર્જ થઈને બહાર આવે છે. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાત્માનું રૂપ જ આત્માનું છે. આહાહા..! એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, પ્રભુતા, વીતરાગતા, નિર્ગ્રંથતા એવા બધા

ગુણોથી ભરેલો ભગવાન પરિપૂર્ણ પ્રભુ આત્મા તું છો. તને તું જો અને આત્મા જાણ ને માન, મારી સામું ભગવાન કહે છે કે, જોવું રહેવા દે. તાકવું રહેવા દે કે, મારાથી કંઈક મળશે, એમ કહે છે. આહાહા..! સમજાણું આ? એ વીતરાગની વાણીમાં આ હોય, પામરની વાણીમાં એ ન હોય. ભગવાન કાંઈ લેવું નથી તમારે? કાંઈક ફળ તો લ્યો. આ ઉપદેશ આપી દીધો. શાસ્ત્રના ફળ ન થાય તો એની પર્યાયમાં, મારે શું છે? હું તો કેવળજ્ઞાની છું. મારે કંઈ લેવું નથી ને અધૂરું પૂરું કરવું નથી એને લઈને. સાધક જીવને અધૂરું પૂરું કરવું હોય તો કાંઈક વિકલ્પ ને પરને સમજાવવાથી થાતું નથી. અધૂરું પૂરું (કરવું હોય તો) પૂર્ણ પરમાત્માને દેખવામાં એકાકાર થાય તો અધૂરું પૂરું થઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, શબ્દોથી સમજાતું નથી. છે? એ..ઇ..! મન અને વિચારમાં આવતો નથી. ભગવાન મનમાં વિચારવામાં આવે ઇ? પરમાત્મા અખંડ આનંદનો રસકંદ છે. અનાકુળ શાંતરસનું પોતે બીડલું, બીડલું, બીડું આખું પડ્યું છે. ખોલ દૃષ્ટિમાંથી, કહે છે. આહાહા..! એવા ભગવાન મનમાં વિચારમાં નથી આવતો. શબ્દ તો ક્રમ ક્રમથી બતાવે છે એમાં આત્મા ક્યાં આવ્યો? કહે છે. બધી શાસ્ત્રની ચર્ચાઓને છોડ. ગુણસ્થાન, માર્ગણાસ્થાનના વિચારને બંધ કર. લ્યો! એવું એણે ઘણું બધું લાંબું લખ્યું છે. સમજાણું કાંઈ? ફળનો દાખલો આપ્યો છે. ઠીક છે, કહો! એ બે ગાથા થઈ.

---

**(માર્ગદર્શન 'અનુભવ સંજીવની'માંથી ચુટેલા વચનામૃત)**

કોઈને પણ તેના દોષની વાત ખુલ્લી રીતે કહેવામાં આવે તો પ્રાયઃ તેનું મન દુભાય છે. પરંતુ પોતાના દોષ જાણીને ટાળવાના અભિપ્રાયથી, જે સાંભળવા ચાહતો હોય, તેને કહેવામાં (હિતબુદ્ધિથી) પ્રાયઃ સંકોચ કરવા યોગ્ય નહિ, તોપણ તેવા સમયે સાંભળનારને ઉપકાર ભાસે અને દોષ ટાળવાનો ઉલ્લાસ વારંવાર વધતો હોય, તો જ કહેવાય, પણ સાંભળીને મોઢુ ફરી જતું હોય, અર્થાત્ થોડું પણ મન દુભાતું હોય, ત્યાં સુધી તેમ ન કહેવું જોઈએ. (૬૧૦)

**નવેમ્બર-૨૦૧૧ના અંકમાં સુધારો**

માતુશ્રી વેલબાઈ વિશનજી સાવલા

હ.શ્રી ઝવેરીભાઈ વિશનજી સાવલા, દાદર તરફથી આ અંક

પ્રકાશિત કરવામાં આવ્યો.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર–૨૦૧૧નું) શુલ્ક શ્રી સુમતિલાલ શિવલાલ શાહ પરિવાર, (યુ.એસ.એ.) શિકાગોના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત પત્રો

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

ભાવનગર, ૧૭-૫-૬૨

ધર્મબંધુ આત્મપ્રેમી ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. તમારો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. અવકાશ લઈ અવારનવાર ધર્મવાર્તારૂપ પત્ર લખતા રહેશો. મુંબઈથી આવ્યા બાદ તાવ ચાલુ રહેતાં સ્ક્રીનીંગ કરાવેલ, જેમાં પ્લુરસી ડાબા પડખામાં થઈ હોવાનું નિદાન થયું. જેનો કોર્સ ચાલે છે. એકંદર ઘણું સારું છે. હજી પંદર દિવસ ઇન્જેક્ષન અને આરામ ઉપર રહેવાનું છે. જેથી બાહ્ય પ્રવૃત્તિથી મુક્ત છું. શરીરની ક્રિયા શરીરમાં થયા કરે છે. તેમાં આ આત્માને જેટલો રાગ છે, તેટલી આકુળતા છે. અહો ! આવા કાળે વીતરાગી મુનિઓ કે જેમને પાંચ ઇન્દ્રિયો તરફનો ઉપયોગ જાણે કે ખલાસ થઈ ગયો હોય ! તેમ આત્મ રમણતામાં ઝુલતાં ભગવાન સ્મરણીય છે. અરે ! તેથી પણ ત્રિકાળ પરિપૂર્ણ એકરૂપ જ્ઞાનાનંદ ભગવાન આત્માનું અવલંબન માત્ર શરણભૂત છે. શ્રેયભૂત છે.

અરે ભાઈ ! ચૈતન્યનું સ્ફુરણ જ આત્માર્થીનું હૃદય છે. તેથી વિશેષ રાગ, બીજા તરફ, આત્માર્થીને ઓછો હોય છે. શું લખું ! 'હું એક શુદ્ધ જ્ઞાન – દર્શનમય પરિપૂર્ણ આત્મા છું' તે સિવાય મારા માટે મને બીજો ખ્યાલ કેમ હોઈ શકે ? કેમ ઘટે ! આત્મિક મંથન–ઘોલનનું કેન્દ્ર અને સર્વ વીતરાગી ભગવંતોનું આ જ ફરમાન છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ કહેલું કે, જુઓ, અનાદિથી જ્ઞાન અને રાગ એકસાથે પરિણમનમાં ચાલુ પરિણમે છે. તેમાં નિજ-ભાન નહીં હોવાના કારણે રાગરૂપ પોતાને કલ્પતો અને જ્ઞાનરૂપ કે જે પોતાનું રૂપ છે, તેને ચૂકી જતો મિથ્યાદૃષ્ટિપણે રહી, જીવ પરિભ્રમણ કરે છે. સાક્ષાત્ જ્ઞાની અને તે પણ ભાવી (નિકટના જ) તીર્થંકર નિષ્કારણ કરુણાથી જ્યારે આ રીતે આત્મા બતાવે છે. તેવો યોગ પણ કવચિત્ મહાપુણ્ય યોગે બને છે. પૂજ્ય ગુરુદેવે તો આત્મા હથેળીમાં આપી બતાવવા માંડયો છે. તેઓશ્રીની વીતરાગતા સૂચક નિસ્પૃહતા જોઈ ભક્તિભાવે તેઓશ્રીના ચરણમાં હૃદય નમી પડે છે. હાલ તો શારીરિક આરામની જરૂર હોઈ, ડૉક્ટરની સૂચના મુજબ ઘરે જ રહેવાનું હોઈ, સોનગઢ પૂજ્ય શ્રીના દર્શનનો યોગ નથી – શ્રી .... જય જિનેન્દ્ર સાથે યાદી આપશો. તેમની આત્મિક રુચિ યાદ આવે છે. પ્રશંસનીય છે. પ્રમોદ થાય તેવું છે. .... પણ જય જિનેન્દ્ર સાથે યાદી આપશો. આ વખતે આપણને નિર્દોષ આનંદનો સમય ન રહ્યો. હાલ ડૉક્ટરની સૂચના હોવાથી છ-આઠ મહિના મુસાફરી – (શરીરના સગાઓ) પણ ન થાય, તેવા અભિપ્રાયમાં છે. પણ છેવટે મુંબઈ-દાદર જિન મંદિર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે મોડામાં મોડો તો જરૂર આવીશ. તે વખતે ગજપંથાની યાત્રા સાથે કરીશું – તેવો ભાવ છે.

ચૈતન્યના મહિમા પાસે જગતના પદાર્થોનો મહિમા ઊડી જ જાય, તેવા આશયમાં શ્રીમદ્જીનું એક વચનામૃત યાદ આવતા લખું છું. 'લૌકિકસુખની અલ્પ પણ સુખેચ્છા તીવ્ર મુમુક્ષુતાને રોકે છે' તમોએ લખેલ 'લોકરસ'નો ભાવ પણ ઉપરના વચનામૃતમાં સમાવેશ પામે છે. તેવું ગૂઢાર્થવાળું વચન તે મહાત્માનું છે. એ જ.

મુ. શ્રી .... તથા .... ઉપરનો પત્ર આ સાથે બીડું છું. યોગ્ય લાગે તો આપશો. મૌખિક વાત કરવી ઠીક લાગે તો તેમ કરશો.

લિ. શશિકાંતના સદ્‌ગુરુ વંદન.

ૐ

ભાવનગર, ૯-૬-૬૨

સત્‌ધર્મ ઇચ્છુક, ધર્મબંધુ, ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. આપનો પત્ર મળ્યો છે. અવારનવાર ધર્મ વાર્તારૂપ પત્ર લખતા રહેશો. શરીર સારું છે. ત્યાંથી આવ્યા બાદ નબળાઈ વધેલી પણ ૪/૫ દિવસથી જ સુધારો થતો રહેલો. હજી ૧૦/૧૨ દિવસ ઘરે છું. ત્યારબાદ દુકાને વગેરે જવાની ડૉક્ટર છૂટ આપશે. હાલ તો પ્રથમ જેટલું સારું છે. એ જ.

ઘરે નિવૃત્તિ કાળમાં શ્રીમદ્‌માંથી તથા ૪૭ શક્તિ ઉપરનું વર્ણન વાંચું છું. અહો ! જ્ઞાની – સત્‌પુરુષોના વચનામૃતો ખરેખર આત્માને માટે અમૃતરૂપ જ છે. તેઓશ્રીનો ગંભીર આશય – ગંભીરપણે હૃદયમાં આવે તો જ કાંઈ શ્રેય થાય ! બાકી ઉપરટપકે ગમે તેટલો કાળ જાય – વૃથા જ છે. શ્રીમદ્‌જીનું લખાણ ગૂઢ અને આત્માર્થીને આત્માર્થની પ્રેરણા આપે તેવું છે, તે નિઃશંક છે. ફરી ફરીને તે જ્ઞાની આત્મા પ્રત્યે ભક્તિથી હૃદય નમે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ તો ૪૭ શક્તિમાં અદ્‌ભુત ભાવો પ્રસિદ્ધ કર્યા છે. આત્માનો અદ્‌ભુત વૈભવ જ ખુલ્લો કરી તે વૈભવ પ્રાપ્ત થવાનો ઉપાય પણ સાથોસાથ બતાવ્યો છે. તેઓશ્રીનો ઉપકાર અમાપ છે. આ કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રી એ આત્માર્થી જીવો માટે ખરેખર નિરૂપમ નિમિત્ત છે.

આ આત્માની પોતાના સ્વભાવ તરફ એકાગ્ર થવા સિવાય, સ્વભાવ સન્મુખ રહેવા સિવાય – કોઈ ફરજ નથી. તે ફરજ તે જ ધર્મ છે. તે જ સમ્યક્ છે. પોતારૂપ અન્યને ભ્રાંતદશાએ કલ્પાય છે. તેમાં પરમાત્મ સ્વભાવ સ્વરૂપનો મહાન અનાદર વર્તે છે. આત્મજાગૃતિ અત્યંત હોવી ઘટે છે. સ્વરૂપની સાવધાની એજ માત્ર ભેદજ્ઞાનનો ઉપાય છે. એ જ. સર્વ સાધકની અંતરંગ ક્રિયા – પરિણતિનો ચિતાર છે. એ જ. શ્રી .... જય જિનેન્દ્ર સાથ ધર્મ વાર્તા લખવા કહેશો. શ્રી .... સાથે આ વખતના સમાગમથી તેમની ધર્મરુચિ – વિચારણાથી તેમના પ્રત્યે પ્રમોદ રહે છે. એ જ. આત્મકાર્ય ત્વરાથી કરવા યોગ્ય છે. પ્રમાદ મહાન શત્રુ છે. જે સમય પ્રમાદમાં જાય છે, તે મહા મોહનીયની બળવત્તરતા છે. એ જ.

લિ. આપના શશિકાંતના સદ્‌ગુરુ વંદન.

નમઃ સિદ્ધેભ્યઃ

ભાવનગર, ૨-૧૦-૬૨

આત્માર્થીબંધુ ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. તમારો પત્ર મળ્યો હતો. ઠીક ફુરસદ લઈ પત્ર લખવાનો વિચાર કરેલો પણ તેમ બન્યું નથી. પૂજ્ય શ્રી નિહાલભાઈ ગઈ કાલે સોનગઢ આવ્યા છે. તેમ આજે સમાચાર મળ્યા છે. તેથી કદાચ સોનગઢ જાઉં. તેથી આ પત્ર લખું છું. દુકાનેથી ચાલુ દિવસમાં ટાઇમ હાલ નીકળે તેમ દેખાતું નથી છતાં જવાનો વિચાર હોઈ રસ્તો શોધું છું. તમારા સોનગઢ આવવાના વિચાર જાણ્યા. શ્રી .... દિવાળી ઉપર સોનગઢ આવશે તેમ સંભળાય છે. તાત્ત્વિક પત્ર લખવાનું વધુ સ્ફુરણ – ચૈતન્યનું હોય ત્યારે અને તે કાળે લખવાનો વિકલ્પ પ્રધાન

થાય ત્યારે બને, તેમ લાગે છે, છતાં હવે પછી તેમ થાય, તેમ ઇચ્છું છું. આત્મરસની પ્રધાનપણા વખતે લોકરસની સહજ ઉપેક્ષા થવી ઘટે છે. અને લોકરસના પ્રધાનપણા વખતે આત્મરસ જીવને ઉપેક્ષિત સહજ હોય છે. તે વાત ફરી ફરી વિચારણા માગે છે. અમૂલ્ય ચિંતામણિ રત્ન – ચૈતન્ય પ્રકાશ – આત્માનો મહિમા મોક્ષદાયી છે. તેની જ વિસ્મૃતિ એ પરિભ્રમણ રૂપ સંસાર છે. એ જ. શ્રી .... વિ. ધર્મપ્રેમી ભાઈઓને જય જિનેન્દ્ર કહેશો.

લિ. શશિકાંતના સદ્‌ગુરુ વંદન.

ભાવનગર, ૩-૩-૬૩

પ્રિય ધર્મબંધુ, ભાઈશ્રી ...., મુંબઈ.

તમારો તા. ૧૬ / ૨ નો પત્ર મળ્યો હતો, વાંચતાં તમારી ઉલ્લાસિત વૃત્તિથી પ્રમોદ થયો છે. તમારા દરેક પત્રોમાં એ વિશેષતાની મને છાપ છે. .... (તમારા બનેવી) અવારનવાર મળે છે, આ તરફનો વિષય વધુ કિંમતી છે, તેવું જોઈએ તેવું તેમને જણાતું નથી. છતાં સમર્થનરૂપ ભાવ છે. અનુમોદના પણ છે. તે સહેજ.

આત્માર્થીજીવ સ્વકાર્યમાં (Sincerely) પરાયણ હોય, તેથી પરાયણતાની ન્યૂનતા એ પ્રમાદ ભાવ છે કે જે આત્માનો મોટો શત્રુ છે. આ પર્યાયના વિવેકરૂપ વિચાર માત્ર છે. અંતર આશય તો કોઈપણ જ્ઞાનના પડખાંનો, પૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન આ આત્મા છે, તન્મય સત્ પરમાનંદ રૂપ છું તેને જ મુખ્યપણે રાખવાનો હોય, એ પરમાર્થ ન્યાય છે.

સમયસાર કળશ ટીકા, અધ્યાત્મ પં. રાજમલ્લજી કૃતમાં એક પ્રેરણાદાયક વિશેષતા જણાતાં લખું છું, આત્માનુભવનું વર્ણન શ્રીમદ્ અમૃતચંદ્રઆચાર્યદેવનું ઠામ ઠામ કળશમાં છે, જાણે કે કળશમાં ખરેખર અધ્યાત્મ – શાંતરસ નીતરે છે – ટપકે છે, તેની ટીકા કરતાં પંડિતજી, 'આત્માનુભવ'ની ટીકામાં 'પ્રત્યક્ષપણે આત્માનો આસ્વાદ' એવો અર્થ ભરે છે, શબ્દો તો ઉપરથી વાંચતાં તદ્દન સાદા કદાચ લાગે, પણ 'પ્રત્યક્ષપણે' શબ્દમાં ભાવ સમજાય તો તેમાંથી પ્રેરણા મળે તેવું છે. ખરેખર તો જ્ઞાન – જ્ઞાનથી સમજાય છે, એવું જે પરમ સત્ય, તે 'પ્રત્યક્ષપણે' સમજવામાં પોતાને માટે પરમ સત્ય થશે. વિષય અંતર મેળવણીનો છે, મેળવી જોશો – આશા છે કે લખવાનો ભાવ–આશય પકડાશે, જોકે વ્યક્ત ઓછું થાય છે, તેમ લાગે છે; કારણ કે પ્રયોગ સંપૂર્ણપણે વ્યાખ્યામાં આવે નહિ તેવી સ્થિતિ છે, તો રૂબરૂ મળતાં ચર્ચીશું. એ જ.

આ કાળમાં, મુમુક્ષુ જીવો પર, આપણા સૌ પર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો અનુપમ ઉપકાર છે. હાલમાં પૂજ્યશ્રી રાજકોટમાં બિરાજે છે. અવકાશ મળતાં ત્રણેક દિવસ જવાનો વિચાર છે. એ જ.

ગળાનો દુ:ખાવો મટ્યો હશે. સમાચાર લખશો. પ્રત્યેક પ્રસંગ જ્ઞાનનું જ્ઞેય માત્ર છે, આત્માને તેથી શું ? કાંઈ નથી. એ સ્વરૂપલક્ષે, ઉદ્યમપૂર્વક, વારંવાર વિચારવા યોગ્ય છે. પત્ર લખશો.

લિ. શશિકાંતના જય જિનેન્દ્ર.

ભાવનગર, ૧૬-૪-૬૩

આત્માર્થી ધર્મબંધુ ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. તમારો તા. ૧૧/૪ નો પત્ર મળ્યો. હકીકત જાણી. તે ઉપરથી તમો દહેગામ જઈ શકશો નહિ. તેમ સમજાય છે. મારું હજી કાંઈ નક્કી નથી. દુકાને મારા પાર્ટનરની હાજરી ઉપર આધાર છે. કદાચ તે કામકાજ અંગે ટ્રાવેલીંગમાં હશે તો અત્રેથી નીકળવું મુશ્કેલ રહેશે. એ જ.

શ્રી નિહાલભાઈ આવ્યા છે. તે જાણ્યું. તેમનું આત્મવીર્ય અસાધારણ છે. તેમની સાથે સારો લાભ મળ્યો

હશે. કાંઈ વિશેષપણે ગમ્યું હોય તે જણાવશો. તેઓ દહેગામ અથવા સોનગઢ આવવા સંબંધે કાંઈ વાત થઈ હોય તો જણાવશો.

આ આત્મા (વર્તમાન) એક સમયમાં અખંડ પરિપૂર્ણ સ્વભાવ સ્વરૂપ છે. તેની વિસ્મૃતિ એ જ સંસાર છે. ગંભીરપણે ધ્યેયરૂપ દિવ્ય દૃષ્ટિ થયા વિના સર્વ નિરર્થક છે. સર્વથા ક્લેશરૂપ છે. એવું ઉગ્યા વિના અક્લેશમય સ્વરૂપ પ્રત્યે સાવધાની થાય તેમ નથી. શ્રી નિહાલભાઈ તો આત્મત્વને ખૂબ બળવાનપણે રસપૂર્વક ઘૂંટે છે. ધન્ય છે ! નમસ્કાર છે ! તે ભગવાનઆત્માને કે જે વર્તમાનમાં અનંત ગુણમય સિદ્ધપદને, નિજપદને, પર્યાયમાં ઝીલે છે !! એ જ.

તમો આ તરફ આવશો ત્યારે સાથે રહેવા બનતી કોશિશ કરીશ. તબિયત કુશળ હશે. અત્રે શ્રી .... તમારા બહેન, .... વગેરે કુશળ છે. પત્ર લખશો.

લિ. શશિકાંતના જય જિનેન્દ્ર.

❈

ભાવનગર, ૬-૬-૬૩

આત્માર્થીબંધુ ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. તમારો પત્ર મળ્યો. ભાઈશ્રી નિહાલભાઈ ત્યાં આવ્યાના સમાચાર જાણ્યા. તમોને વર્ષમાં બે–ત્રણ વખત તેમનો લાભ મળ્યા કરશે. જ્ઞાની આત્મા હોવા ઉપરાંત તેમની શૈલી અત્યંત આત્મસ્પર્શી અને બળવાન છે. અન્ય વિષયને તેઓ સ્પર્શતા જ નથી, ગૌણ કરી નાખે છે. તેઓ ખૂબ સરળ હોઈ તેમની નજીક વધુ જઈ શકાય તેવું છે. જ્ઞાની આત્મા સાથે તેવા પ્રકારનો જોગ જીવને ભાગ્યે જ થાય છે – હોય છે. મેં તા. ૪/૬ ના રોજ કલકત્તા તેમને એક પત્ર લખ્યો છે. પણ તેઓ મુંબઈ હોવાથી મોડો મળશે. ત્યાંથી હવે કલકત્તા જવાના હશે ! સમાચાર લખશો. કદાચ રોકાઈને પ્લેઇનમાં ભાવનગર થઈ સોનગઢ આવવાના હોય તો મને તાર-કોલથી જણાવશો. જેથી એરોડ્રામ જઈ શકાય. શ્રી .... પત્ર લખવા કહેશો. તમો પણ ભાઈશ્રી સાથેના સંસ્મરણો જરૂર લખશો.

લિ. શશિભાઈના જય જિનેન્દ્ર.

❈

ૐ

ભાવનગર, ૨૬-૮-૬૩

આત્માર્થી ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. એક મહિના પહેલાં તમારો પત્ર મળ્યો હતો. આળસને લઈ પ્રત્યુત્તર લખાયો નથી. સોનગઢ નિવૃત્તિ મળતાં જાઉં છું. ઘરમાં છોકરાઓની તબિયત નરમગરમ રહેતાં, આ ધાર્મિક દિવસોમાં ઇચ્છાનુસાર ત્યાં રહી શક્યો નથી. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં મુખેથી તો એકલું અમૃત જ વરસે છે. તે શબ્દોમાં કઈ રીતે આવે !! મૂલ્યાંકન ન થઈ શકે તેવો જોગ તથાપ્રકારના પુણ્ય સિવાય હોય નહીં, થાય નહીં તેવું છે. નિરંતરપણે આત્મલાભ અર્થે તેઓશ્રીના સાન્નિધ્યમાં રહેવા યોગ્ય છે. રહેવાતું નથી તેનો ક્વચિત્ ખેદ રહે છે. વિચાર, ઘોલનમાં જે કાંઈ ચાલે છે તેમાં સંતોષ નથી – તેવી વૃત્તિ ચાલે છે. ક્યારેક થતી ચૈતન્યની સ્ફુરણામાં કાળ ઘણો જાય છે. તે વીર્યની મંદતા સૂચક છે. સ્વભાવ તરફનું બળ અન્ય સર્વ કાંઈને ગૌણ કરતું, વેગબંધ વહે, તો આત્મલાભ નિકટવર્તી હોય. સહજ કાર્ય થવું ઘટે. કૃત્રિમતામાં બહિર્મુખપણાનું જોર છે. અહો ! ટંકોત્કિર્ણ એક જ્ઞાયક સ્વભાવ ન ભૂંસાય તેવો હોવા છતાં – મિથ્યાદર્શનપણામાં તેને ઓળંગી જવાય છે. તેમાં જાણ્યે અજાણ્યે સ્વ અખંડ

ત્રિકાળી જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિનો અમહિમા અને અન્ય પદાર્થનો મહિમા જીવને છે. તે ફરી ફરી વિચારવા યોગ્ય છે. વિચારમાં ચાલતી કેટલીક વાત લખું છું – તમારા તરફનું જાણવા યોગ્ય – પ્રેરણા યોગ્ય લખશો.

શ્રી .... ત્યાં વાંચનના પ્રસંગે આવ્યા છે. તમો અવકાશ મેળવી સત્સંગ કરતા હશો. આ મનુષ્યપણામાં આત્મભાન સિવાય કોઈ કર્તવ્ય નથી. તેવો દૃઢ નિશ્ચય બીજી અન્યથા પ્રવૃત્તિ પ્રત્યેનો ઉત્સાહ અળસાવે છે. એ જ.

આ તરફ 'સોનગઢ' આવવાનું ક્યારે થશે ? જણાવશો. 'સ્વાત્માનુભવ મનન' ધર્મદાસજીનું વાંચવું શરૂ કર્યું છે. શ્રી ધર્મદાસજીનું લખાણ ઘણું જ જોરદાર છે. તે તેમની તીખાશભરી શૈલીથી જણાય છે. એ જ.

શ્રી નિહાલભાઈને કોઈવાર પત્ર લખો છો કે કેમ ? તેઓશ્રી ઘણું કરીને દશેરા આસપાસ સોનગઢ આવશે.

શ્રી .... દસલક્ષણ પર્વ દરમ્યાન દહેગામ વાંચવા જવાના હતા. તેમ અત્રે તેમના પિતાશ્રી કહેતા હતા. છતાં કોઈ કારણવશ ત્યાં હોય તો 'જય જિનેન્દ્ર' કહેશો. શ્રી .... પણ જયજિનેન્દ્ર કહેશો.

લિ. શશિકાંતના સદ્‌ગુરુ વંદન.

ૐ

ભાવનગર, ૩-૯-૬૩

આત્માર્થીબંધુ, ભાઈશ્રી ...., તથા ...., મુંબઈ.

વિ. આ વર્ષ સંબંધી આરાધના પર્વ એવું દશલક્ષણ પર્વ વ્યતીત થયું. આપના પ્રત્યે અત્ર ક્ષણ પર્યંત કોઈપણ પ્રકારે પૂર્વ કાળને વિષે પણ મન, વચન, કાયાના, પરિણામથી જે જે અપરાધાદિ કાંઈ થયું હોય તે સર્વ અત્યંત નમ્રભાવથી, આત્મભાવથી વિસ્મરણ કરી, ક્ષમા ચાહું છું.

કોઈ પણ જીવ પ્રત્યે, કોઈ પણ પ્રકારે, કોઈ પણ કાળને વિષે, અત્યંત અલ્પ પણ દોષ કરવો યોગ્ય નથી. એ વાત જેને પરમોત્કૃષ્ટપણે નિશ્ચિત થઈ છે, એવા જ્ઞાનીના હૃદયને ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

તમો આત્મસ્વાસ્થ્યપૂર્વક કુશળ હશો.

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી હંમેશ અમૃત વરસે છે. એ જ.

તમારા તરફના નવીન લખશો.

લિ. શશિકાંતના જય જિનેન્દ્ર.

ભાવનગર, ૮-૧૧-૬૩

આત્માર્થી બંધુ શ્રી ...., મુંબઈ.

વિ. તમારા બન્ને પત્રો મળ્યા હતા. પણ પ્રત્યુત્તર લખી શક્યો નથી. તમો કદાચ મુંબઈવાળા વિનંતી કરવા આવવાના હતા તેમની સાથે આવશો તેવી આશા હતી. બાદ ૫ દિવસ હું બહારગામ હતો. આજે આવ્યો છું. સોનગઢથી .... જણાવે છે કે પૂજ્ય શ્રી નિહાલભાઈ મુંબઈ આવ્યા છે અને સોનગઢ આવવાના છે તો તેઓ ત્યાંથી પ્લેઇનમાં રવાના થવા અગાઉ મને તાર-ફોન-ટપાલથી સમાચાર મળે તે રીતે જણાવશો. જેથી હું Receive કરી શકું. તેઓશ્રીને મારા વંદન સાથ જય જિનેન્દ્ર કહેશો. અત્રે સોનગઢ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યધ્વનિનો અલૌકિક પ્રવાહ ચાલી રહ્યો છે. તમને કોઈ કોઈવાર યાદ કરું છું. અવકાશે આવવાનું રાખશો.

લિ. શશિભાઈના જય જિનેન્દ્ર.

ૐ

ભાવનગર, ૨૧-૧૨-૬૩

આત્માર્થી બંધુ ભાઈશ્રી ...., મુંબઈ.

વિ. તમારો પત્ર મળ્યો. વાંચી હકીકત જાણી. 'વાતાવરણમાં ફેર' લખેલ, તેમાં Indirect એમ જાણવા મળેલ કે કેટલીક વ્યક્તિઓ (Top rankની નહિ) એમ માને છે કે પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં આપણે ભાઈશ્રીને વધુ માન આપીએ છીએ. તો તેવા કોઈપણ માનવાવાળાને સમર્થન મળવું ન જોઈએ. તેવું વર્તન અજાણપણે કોઈને અનુમાન કરવા પ્રેરે તેમ પણ ન થાય તેટલા પૂરતું તમોને લખેલ રેકોર્ડીંગ મશીન અત્રે આવી ગયું છે. સારી ક્વોલિટીનું મળ્યું છે. .... રૂમ માટે લખ્યું તો હાલ તુરત ભાડે રાખવા જરૂર નથી. પૂ. ગુરુદેવશ્રીનો પાંચ માસનો વિહાર છે. ત્યારબાદ વિચારીશું. દરમ્યાન .... બાજુની રૂમ .... મકાનમાં ખાલી થશે તો તે વધુ ઠીક લાગે છે. હાલ તુરત તો Temporary એકાંત સ્થળ .... સહકારથી મળે છે. તેથી કામ ચાલે છે. એ જ.

તમોએ લખેલ આત્મભાવના સુંદર છે. આત્માર્થીના ઘોલનમાં હોય છે. સ્વદ્રવ્યની એટલી મહત્તા વધો કે જેના પરિણામે વિકલ્પ તૂટી જાય. શુભાશુભમાં માત્ર નપુંસક વીર્ય જ અટકે છે. હું તો વીર છું. બેહદ તાકાતવાન છું. માત્ર વિભાવમાં અટકી જાઉં તેવો નથી વગેરે પ્રકારે આત્મવીર્યનો વિકાસ થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રી વ્યાખ્યાનમાં ફક્ત એકલો મહામહિમાવાન ચૈતન્ય જ બતાવે છે. શું લખું ? શબ્દાતીત વાત બતાવી શકાય તેમ નથી. એ જ.

ત્યાં 'સમયસાર' જયસેનાચાર્ય ટીકા સહિત પ્રાપ્ય હોય તો તે તથા 'પરમાત્મ પ્રકાશ' યોગિન્દ્રદેવ કૃત પ્રાપ્ય હોય તો મારા માટે લઈને મોકલશો. કદાચ શ્રીમદ્ રાજચંદ્ર શાસ્ત્રમાળાની સંસ્થામાંથી મળે તો. એ જ. પત્ર લખતા રહેશો.

પૂજ્ય ભાઈશ્રી તરફથી કોઈ સમાચાર નથી. ૧/૨ રોજમાં પત્ર લખવા ધારું છું.

લિ. શશિકાંતના જયજિનેન્દ્ર

## શ્રીગુરુના મીઠાં સંભારણા....

પૂજ્ય ભાઈશ્રીએ અનેક વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના અતિ નિકટ આત્મીયતાસભર સમાગમનો લાભ પ્રાપ્ત કર્યો. ભાવિ તીર્થાધિનાથનો નિકટ સમાગમ, પરિચય આત્મિક પુરુષાર્થ વૃદ્ધિગત થવામાં નિમિત્ત થયો.

પ્રસ્તુત પ્રકરણમાં પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનોમાં આવેલ પ્રસંગોને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનોની સંખ્યા તો વિશાળ પ્રમાણમાં છે પરંતુ જેટલી સામગ્રી એકત્રિત થઈ તેમાંથી ખાસ-ખાસ પ્રસંગોને અત્રે અવતરિત કર્યા છે. પ્રસ્તુત પ્રસંગોમાં પૂજ્ય ગુરુદેવશ્રી સાથે થયેલ સૂક્ષ્મ તત્ત્વચર્ચા, પૂજ્ય ગુરુદેવશ્રીને તેઓશ્રી કેવી ગુણદષ્ટિથી જોતા હતા તેના દર્શન થાય છે. હે પરમ કૃપાળુ ! આપ સ્વયં બોધસ્વરૂપ છો. આપના શ્રીમુખેથી વહેલા મીઠા સંભારણામાંથી આપનું બોધસ્વરૂપ પરિણમન અમને પણ બોધ આપી જાય છે. આપશ્રીની ગુરુ-ભક્તિ તથા ગુણદષ્ટિ જોઈને નતમસ્તક થઈ જવાય છે. આપના અનેક ઉપકારોમાંહેનો આ એક વિશિષ્ટ ઉપકાર અવિસ્મરણીય છે.

(૧) ગુરુદેવ કોઈપણ જિજ્ઞાસુને હંમેશાં આવકારે છે અને એ તો આપણો પોતાનો અનુભવ છે કે આપણે જો જિજ્ઞાસાથી ગુરુદેવ પાસે જઈએ તો એમનો વ્યક્તિગત સમય આપતા હતા. હું તો ગુરુદેવ પાસે કેટલીવાર

ગયેલો છું. ચર્ચાનો તો એ ખાસ સમય આપતા હતા છતાં એમની પાસે જઈએ તો બહુ જ પ્રેમથી અને પ્રમોદથી ચર્ચા કરતા હતા. અમે તો ઇ અનુભવ કર્યો છે. એમના જ્ઞાન-ધ્યાનના સમયે ગયેલા છીએ, એમના અંગત સ્વાધ્યાયના સમયે ગયેલા છીએ. બપોરે એકાંતમાં સ્વાધ્યાય કરતા હોય, આરામ કરીને ઊઠે. બાર-સાડા બારે આરામ કરીને ઊઠે ત્યારે જાઉં તો અડધી કલાક, પોણી કલાક, કલાક કલાક ચર્ચા કરેલી છે. (પરમાગમસાર, નં. ૬૩૦, ૨૨.૦૦ મિનિટે)

❉

(૨) પૂજ્ય ભાઈશ્રીએ પ્રવચનોમાં સત્સંગનો મહિમા ખૂબ ગાયો છે. પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષનો યોગ હોય તો તેમના વચન ઉપર કેવા પ્રકારનો વિશ્વાસ હોય તેનો ઉલ્લેખ કરી, આપે પૂજ્ય ગુરુદેવશ્રીના સમયમાં ચાલતી ચર્ચાનો પણ નિર્દેશ કરી બોધ આપ્યો છે.

અમે બીજી એક ચર્ચા કરતા હતા. ગુરુદેવ એમ કહે, બપોરે બાર વાગે ધોમધખતો વૈશાખ મહિનાનો તડકો હોય અને એમ કહે કે, આ સૂર્ય નથી, ચંદ્ર છે. પછી અમે પૂછીએ કે, તેવડ છે હા પાડવાની ? આ અમારી ચર્ચાનો વિષય રહેતો હતો. એમની વાતમાં કોઈ શંકા ન પડે, ક્યાંય શંકા નહિ. (શ્રીમદ્ રાજચંદ્ર, નં. ૧૦૮, ૪૦.૦૦ મિનિટે)

❉

(૩) હે નાથ ! સત્સંગની કિંમત કેટલી હોવી જોઈએ એ વાતને સંભારતા આપ ફરમાવો છો,

એકવાર એવું બન્યું કે બીજા મુમુક્ષુની ગાડીમાં સોનગઢ જવાનું થતું હતું. બસમાં ઘણીવાર જતા હતા પણ મોટરની સગવડ થઈ એટલે પેલા ભાઈએ કહ્યું, હું રવિવારે લેવા આવીશ, આપણે મોટરમાં સાથે જઈશું. એમની ટેવ એવી કે મોડા આવે. એક-બે વખત સૂચના કરી કે આપણે પ્રવચન પહેલાં પહોંચવું જોઈએ.. ત્યારે એક વાત કરી કે આપણે ૩૨ કિલોમીટર ચાલીને સોનગઢ જાવું પડે તો આગલે દિવસે સવારે ચાલુ કરવું પડે. થોડો વિસામો ખાતા ખાતા પહોંચાતું હોય તો મોડા પહોંચીએ ખરા ? એક કલાક માટે જો ચોવીસ કલાક ચાલવું પડે તો એક મિનિટ પણ ગુમાવીએ ખરા ? તો આ જે સાધન મળ્યું છે એનો દુરુપયોગ થાય છે. મેં કહ્યું, હું તો બસમાં જઈશ.

કહેવાનો મતલબ શું છે કે સત્સંગની કિંમત શું છે ? એની એક મિનિટની પણ શું કિંમત છે એ જ્યાં સુધી નહિ સમજાય ત્યાં સુધી એની એક કલાકની પણ કિંમત નહિ સમજાય અને કદાચ ચોવીસ કલાકનો સત્સંગ રહેશે તોપણ નહિ સમજાય.

❉

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયંગમ કરેલા ઉપકારને આપ કેટલા પ્રમોદથી વ્યક્ત કરતા ! અહો ! ગુરુઉપકારથી ભીંજાયેલું આપનું હૃદય કેટલું ભક્તિમય છે તેના અત્રે દર્શન થાય છે.

મેં તો પ્રત્યક્ષ જોયેલું છે કે મોક્ષમાર્ગનું અથવા અત્યારે આખા જૈનદર્શનનું જે ઉપલબ્ધ સાહિત્ય છે એની અંદર સ્પષ્ટતાની દૃષ્ટિએ જોઈએ તો અભૂતપૂર્વ સ્પષ્ટતા છે ! મેં એના માટે ઉપમા વાપરેલી. ગુરુદેવને એ ઉપમા બહુ ગમી. લોકો એમ કહે છે કે, પેંથીએ પેંથીએ તેલ નાખે છે. સ્પષ્ટતા દર્શાવવા મેં એવી ઉપમા આપી હતી કે, આપે તો વાળે વાળે તેલ નાખ્યું છે !! ગુરુદેવ બહુ પ્રસન્ન થઈ ગયા હતા. મેં વાત કરી કે, સ્પષ્ટતા ઘણી આવી છે. એ પોતે એમ કહેતા કે, આ દ્રવ્ય જ એવું છે. પોતાને પોતાના દ્રવ્ય માટે આશ્ચર્ય થતું હતું ! ૧૦૩ ડિગ્રીનો તાવ હોય અને વ્યાખ્યાન કરે તો પોતાને ખબર ન હોય કે આ શરીરને ૧૦૩ ડિગ્રી તાવ ચાલે છે. દેહનો ખ્યાલ રહે નહિ. એકલું આત્મા ઉપરનું જોર એટલું !! (આત્મસિદ્ધિશાસ્ત્ર, નં. ૬૩, ૪૫.૦૦ મિનિટે)

(૫) પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ચાલતી સૂક્ષ્મ તત્ત્વચર્ચાનો એક અંશ જોઈએ.

ગુરુદેવ વખતે એક પ્રશ્ન ચાલ્યો હતો કે, સ્વરૂપ ભાસ્યમાન થયું છે એ વખતે શ્રદ્ધાનની સ્થિતિ શું છે ? ગુરુદેવશ્રીને આવો મારો સીધો પ્રશ્ન હતો. ત્યારે કહ્યું કે, સ્વરૂપ ભાસ્યમાન તો થઈ ગયું છે, શ્રદ્ધાન મિથ્યા છે પરંતુ મંદ છે.

મેં ફરીને પૂછ્યું કે, શું જ્ઞાન જાત્યાંતર થયું છે ? કેમકે સન્મુખ થયું છે એટલે. ત્યારે એટલી સૂચના કરી કે, આ વિષય સૂક્ષ્મ છે. જ્ઞાન જાત્યાંતર અહીંથી થાય છે પરંતુ પ્રધાનતયા – મુખ્યતયા એવી રીતે કહેવામાં આવતું નથી. અનુભવ થતાં જ્ઞાન જાત્યાંતર થયું એમ કહેવામાં આવે છે. કેમકે ત્યાંથી સમ્યક્‌પણું લાગે છે.

(આત્મસિદ્ધિશાસ્ત્ર, નં. ૯૨, ૧૫.૦૦ મિનિટે)

(૬) પૂજ્ય ગુરુદેવશ્રી સાથે બનેલો એક વિશિષ્ટ પ્રસંગ સંભારતા તેઓશ્રી કહે છે,

ગુરુદેવને સૌથી પહેલો પ્રશ્ન આ પૂછ્યો હતો. ૨૨-૨૩ વર્ષની ઉંમરે નવો નવો ગયો ત્યારે કૃપાળુદેવનો ગ્રંથ પહેલોવહેલો વાંચેલો. એ પહેલા બીજા શાસ્ત્રોનું વાંચન નહોતું. કૃપાળુદેવ પ્રત્યે શ્રદ્ધા આવી હતી અને પૂછ્યું કે, કૃપાળુદેવના વચનમાં અખંડ મોક્ષમાર્ગ રહ્યો છે એવું લાગે છે. આપને કેમ લાગે છે ? ગુરુદેવ હા પાડવામાં ગાદી ઉપરથી અડધા ઊંચા થઈ ગયા હતા. મને એટલા ઉલ્લાસથી હા પાડી, એટલા ઉલ્લાસથી હા પાડી કે આમ અડધા ઊંચા થઈને હા પાડી, કહ્યું, હા ! એમ જ છે.

(આત્મસિદ્ધિશાસ્ત્ર, નં. ૧૦૩, ૨૦.૦૦ મિનિટે)

(૭) પૂજ્ય ગુરુદેવશ્રીના એક વચનની કિંમત કેટલી ? તે વાતની સ્પષ્ટતા કરતા કહે છે, સત્પુરુષના પરિણમનના લક્ષે એક વચન પણ યથાર્થ ગુંજારવ કરે, એમના વચનનો આશય અંદરથી ખસે નહિ અને અંતરશોધમાં વર્તે, ઊંડો ઊતરે તો ભગવાન ત્રિલોકનાથપણું સિદ્ધપદ પ્રાપ્ત થયા વિના રહે નહિ. એક વચનનો એટલો ફાયદો છે.

ઘણા પૂછતાં કે તમે ગુરુદેવ સાથે બહુ રહો છો. ગુરુદેવ આંટા મારતા હોય ત્યારે તમે જાવ, ગુરુદેવ ઠલ્લે જતા હોય ત્યારે તમે જાવ, ગુરુદેવ બેઠા હોય ત્યારે તમે બેસી રહો. એમાં કારણ શું છે ? તો કહ્યું, ક્યારે કયુ વચન નીકળશે અને ક્યારે આ આત્માને એ તીરની જેમ અંદરમાં વાગશે એની પોતાને ખબર નથી. પણ એટલી સૂઝ હોય, એટલો વિવેક હોય તો વધુમાં વધુ સંગ કરે. કેમકે એમના શ્રીમુખેથી ક્યારે કયુ વચન સરી પડશે એનો કોઈ નિયમ નથી અને આ આત્માની કઈ ક્ષણે કઈ યોગ્યતા હશે એની પણ પોતાને ખબર નથી. માટે એવી કોઈ ધન્ય પળની અપેક્ષા રાખીને મુમુક્ષુ જ્ઞાનીપુરુષનો સત્સંગ વધુ ને વધુ કરવા ચાહે છે. (આત્મસિદ્ધિશાસ્ત્ર, નં. ૧૦૫, ૧૫.૦૦ મિનિટે)

(૮) પૂજ્ય ગુરુદેવશ્રી સાથે સમ્યક્ સન્મુખ ચાલતા પરિણમનની સૂક્ષ્મ ચર્ચા થયેલ તેને યાદ કરતા કહે છે, એક વખત ગુરુદેવ પાસે આ વિષય ઉપર થોડી સૂક્ષ્મ ચર્ચા કરવા ગયેલો. જેને અનુભવ થાય છે – સૌ પ્રથમ સ્વાનુભવ થાય છે ત્યારે આપ કહો છો અને શાસ્ત્ર પણ કહે છે કે, એમાં વિકલ્પની કોઈ મદદ નથી. તે વખતે વિકલ્પ તો આત્માના જ હોય છે, આત્માના વિકલ્પ ચાલતા ચાલતા જ અનુભવ થઈ જાય છે અને આપ ના કહો છો, શાસ્ત્રકાર પણ ના કહે છે. તો આ અનુભવ થયો કેવી રીતે ? આ મારો પ્રશ્ન હતો.

ગુરુદેવે કહ્યું કે, જુઓ ! એ વિકલ્પ વધી ગયા કે તેનો નાશ થયો ? તો કહ્યું, નાશ થયો. જો એનાથી થયો હોત તો તેનો નાશ ન થાત, તે વધી જાત. તેથી વિકલ્પથી અનુભવ થયો નથી. તો પછી અનુભવ

થયો કેવી રીતે ? આ મારો પ્રશ્ન ઊભો રહ્યો. તો કહ્યું કે, જુઓ ! લક્ષમાં આત્મા આવ્યો હતો કે નહોતો આવ્યો ? તો કહ્યું, આવ્યો હતો. સ્વરૂપની ઓળખાણના કાળમાં સ્વરૂપલક્ષ થયું. એ સ્વરૂપલક્ષ થયું તે જ્ઞાનની પર્યાય છે અને તે વખતે સ્વરૂપની મહિમા સાથે ચૈતન્યવીર્યની સ્ફૂરણા પણ થઈ. તે જ્ઞાનને જ્ઞાનબળ કહે છે. તે જ્ઞાનબળ આગળ વધતું વધતું એટલી ડિગ્રીએ વધી ગયું કે તે નિર્વિકલ્પ સ્વરૂપ સાથે તદાકાર થઈ ગયું. તેને જ પુરુષાર્થ કહે છે, તેને જ જ્ઞાનસાધન કહે છે. તો જ્ઞાન સાધન છે, વિકલ્પ સાધન નથી.

(કળશટીકા, શ્લોક–૫, નં. ૧૦૯, ૪૫.૦૦ મિનિટે)

❈

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રેમને યાદ કરતા કહે છે,

અમારા જેવા જો પ્રવચનમાં મોડા થયા હોય તો ગુરુદેવ ગરમ થઈ જાય. અમારે એવું થયું હતું. ભાદરવા વદ એકમે સંઘજમણ થતું હતું. જમવામાં બે વાગી જાય. ત્યાં (સોનગઢ) તો ૩ થી ૪ પ્રવચન હોય. બધાએ બસમાં બેસીને સાથે જવાનું હોય, એમાં એ દિવસે પંચર પડ્યું. ૧૫-૨૦ મિનિટ મોડા પહોંચ્યા. ગુરુદેવે જોયું અને કહ્યું, બેસી જાવ, ત્યાંને ત્યાં બેસી જાવ, આગળ નહિ આવવું અમે આગળ બેસતા. તો કહ્યું, ત્યાંને ત્યાં બેસી જાવ. ત્યારથી ફેરફાર કરી નાખ્યો. એ દિવસે સંઘજમણ નહિ રાખવો.

ગુરુદેવ ઠપકો આપે તોપણ એ પ્રેમની નિશાની છે. બધાય ઉપર ગુસ્સે ન થાય. એ પ્રેમની નિશાની છે, કરુણા વિશેષ છે. એમાં સવળું લેવાનું હોય, અવળું લેવાનું ન હોય.

(શ્રીમદ્ રાજચંદ્ર, નં. ૩૯૪, ૫૦.૦૦ મિનિટે)

❈

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીને આપ સ્વભાવદષ્ટિએ જોતા હતા તે નિમ્ન પ્રસંગ ઉપરથી સમજી શકાય છે,

ગુરુદેવે એક વખત એવો પ્રશ્ન કર્યો કે, સોનાનો ભાવ શું છે ? તો કોઈએ કહ્યું, પાંચ હજાર રૂપિયા તોલા, કોઈએ સાડા પાંચ હજાર રૂપિયા તોલા એમ કહ્યું. જેને જે ખબર હતી તે કહ્યું. એટલે ગુરુદેવ હસી ગયા. એમ કહ્યું, અમે આવો પ્રશ્ન નથી પૂછતા. અમે પ્રશ્ન પૂછીએ છીએ કે, સોનાનો સ્વભાવ શું છે ?

જ્ઞાનીપુરુષ સ્વભાવવાદી હોય છે. પ્રત્યેક વાતમાં સ્વભાવને જોવાની તેમની નજર હોય છે.

(શ્રીમદ્ રાજચંદ્ર, નં. ૫૦૬, ૨૮.૦૦ મિનિટે)

❈

(૧૧) ધર્મના અનેક બાહ્ય સાધનોમાં સત્સંગને ગૌણ કરીને બીજા સાધનોમાં પ્રવૃત્તિ ન કરવી. તે વાતનો બોધ આપતા તેઓશ્રી કહે છે,

અમે ગુરુદેવનો સત્સંગ કરવા માટે સોનગઢ જતા હતા. બસમાં જતા હતા, કોઈવાર એવું થતું કે, વ્યાખ્યાન સાંભળવાને પાંચ મિનિટ પહેલા જ ત્યાં પહોંચ્યા હોઈએ. બાજુમાં જ જિનમંદિર છે. ત્યાં દર્શન કરીને વ્યાખ્યાનમાં જાવું કે સીધું વ્યાખ્યાનમાં જાવું ? અમે સીધા વ્યાખ્યાનમાં જતા. વ્યાખ્યાન પૂરું થયા પછી, સાંભળ્યા પછી દર્શન કરવા જઈએ. કેમકે દર્શન શાંતિથી કરવા હોય તો વાર લાગે. ભગવાનના દર્શન કરવા એ પણ બાહ્ય સાધન છે અને સત્સંગ પણ બાહ્ય સાધન છે. પહેલા શું કરવું ? પહેલા સ્વાધ્યાયમાં જાવું.

❈

# માર્ગદર્શન

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની'માંથી ચુટેલા મુમુક્ષુજીવ માટે પ્રયોજનભૂત માર્ગદર્શન સંબંધિત વચનામૃતો

મુમુક્ષુની ભૂમિકામાં વર્તતા જીવને, આત્મહિતની ભાવનાને બાધ કરનારા પ્રસંગો પણ આવે છે, ત્યારે તેવા પ્રસંગ પ્રત્યે 'સદ્ઉપયોગે' વિચારી વર્તવાનું ઈચ્છવું. 'સદ્ઉપયોગે' એટલે પરિણામે આત્મ-અહિત ન થાય તેવી સાવધાની રાખવી તે; અને તેવો પુરુષાર્થ જે કાંઈ થાય તે કરવા દઢતા રાખવી યોગ્ય છે. આ પ્રકારે પ્રવર્તવામાં, અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્ત કરવું છે, તે લક્ષ હોવા યોગ્ય છે; તે પ્રાપ્ત કરવા જતાં થોડો સમય વધુ લાગે, તેમાં હાનિ નથી, પરંતુ જેની પ્રાપ્તિ કરવી છે, તે વિષયમાં ભ્રાંતિ થાય કે ભૂલ થાય તેમાં ઘણી હાનિ છે. તેથી સત્પુરુષના આશ્રયે / આજ્ઞાએ રહી, પ્રત્યક્ષનો વિયોગ હોય, તો તેમાં કલ્યાણનો પણ વિયોગ છે, તેમ સમજીને, સમાગમને વિષે ચિત્ત વર્તે તો હાનિ ન થાય, સત્પુરુષનું સ્વરૂપ ભાસ્યમાન થાય તો હાનિ ન થાય; અને અનુક્રમે હિત સધાય. (૫૮૨)

❉

સત્સંગની રુચિ થતાં, અસત્સંગની અરુચિ સહજ થવા યોગ્ય છે. તેમ છતાં અસત્સંગમાં રહેવું પડે, તેવો પ્રસંગ પ્રાપ્ત થતાં, તેમાં ઉદાસીનતા સહજ રહે, તો જ જ્ઞાનને આવરણ ન આવે, તેથી મુમુક્ષુજીવે જાગૃત રહી, અસત્સંગમાં નીરસ / ઉદાસ રહેવા યોગ્ય છે, તો જ 'સત્જ્ઞાન'ની પ્રાપ્તિ થાય અથવા સમજાય - અન્યથા ધારણામાં થયેલ બોધને ઘણા પ્રકારના અંતરાય હોય છે. સામાન્ય રુચિવાન મુમુક્ષુને પ્રાયઃ એવું અસમાધાન થઈ આવે છે, કે ઘણા દીર્ઘ સમય પર્યંત સત્સંગમાં રહેવું થવા છતાં, જ્ઞાન કેમ પ્રગટતું નથી ? પરંતુ યથાયોગ્ય જાગૃતિના અભાવમાં, 'અસત્સંગમાં ઉદાસીનતા નહિ' – તે પ્રકારમાં વર્તવાનું રહ્યા કરતું હોવાથી, અંતરંગ અંતરાય - કારણ, પોતાને સમજમાં આવતું નથી. તેથી એમ નિશ્ચય કરવા યોગ્ય છે કે જગત અને મોક્ષનો માર્ગ – એ બન્ને એક નથી. (૫૮૬)

❉

દેહ છે, તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. દેહનો જોનાર, જાણનાર એવો આત્મા દેહથી પ્રગટ ભિન્ન છે. આવા ભિન્ન દેહમાં મૂર્છા હોવાથી, પ્રાયઃ જીવ તેની ચિંતનામાં આકુળતા ભોગવતો થકો, જીવન ગુમાવે છે.

મુમુક્ષુજીવે દેહની ચિંતામાં જીવન ખર્ચવું યોગ્ય નથી જ. માત્ર સ્વરૂપનું અજ્ઞાન છે; તે જ ચિંતા અને ભય થવો ઘટે છે. આ મહાન આત્મા દેહની ચિંતા કરવાને યોગ્ય નથી. દેહની વૃદ્ધિ-ક્ષય આદિ પરિણામ જોઈને હર્ષ - શોક કરવો ઘટતો નથી. મૃત્યુ સમીપ દેખાવા છતાં, જ્ઞાને કરીને, જેને દેહને વિષે મૂર્છા વર્તતી નથી - તેમને નમસ્કાર હો !! (૫૯૭)

❉

શરીરની શુભા-શુભ ક્રિયા / પ્રવૃત્તિ કાળે ઉપયોગની પ્રવૃત્તિ તેમાં થાય છે. તેથી પોતાને, પોતાના હોવાપણા વિષે અંતરાય પડે છે. તેથી જેમ બને તેમ ઉપયોગને છૂટો ને છૂટો રાખવા સહજ પુરુષાર્થ / જાગૃતિ થવી ઘટે. શરીરમાં પોતાપણું થતાં મિથ્યાત્વ થાય છે. તેમાં અનંત દુઃખ છે, પરંતુ તેને જગત આખામાં કોઈ દુઃખ માનતું નથી. ઉલટું તેવા મમત્વ ભાવમાં સુખની કલ્પના કરે છે, તે મહા વિપરીતતા છે. (૬૦૯)

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૫ ઉપર)**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૩૩ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૧૦-૦૮-૧૯૯૧

**(ગતાંકથી ચાલુ...)**

મુમુક્ષુ :- એ તો મન આશ્રિત પરિણામ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મન આશ્રિત પર્યાય નહીં ત્યાં સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ છે. એકલું મન નથી. મન આશ્રિત છે છતાં પૂરેપૂરું - સર્વથા એમ નથી. જ્ઞાનસામાન્યના આધારે જ્ઞાનસ્વભાવનો નિર્ણય છે. જ્ઞાનવેદનના આધારે જ્ઞાનસ્વભાવનો નિર્ણય છે, એમ કહો કે જ્ઞાનસ્વભાવના આધારે જ્ઞાનસ્વભાવનો નિર્ણય છે. વ્યક્ત અંશના આધારે વ્યક્ત સ્વભાવનો-જ્ઞાનસ્વભાવનો નિર્ણય છે. એ સ્વભાવના વ્યક્ત અંશનો આધાર છે.

મુમુક્ષુ :- જે વ્યક્ત અંશ છે ત્યાં જ રાગનો અંશે અભાવ થયો ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં રાગ છે જ નહિ ને. એ તો સ્વભાવ અંશ છે એમાં ક્યાં રાગ હતો ! અજ્ઞાનીને પણ નથી. જે વ્યક્ત સ્વભાવ અંશ છે એમાં તો રાગનો ત્રણેકાળે અભાવ જ છે. એ તો સ્વભાવ છે. સ્વભાવ કે જે અનઉભયસ્વરૂપ છે (એટલે) નથી પર્યાયસ્વરૂપ કે નથી દ્રવ્યસ્વરૂપ. જો કેવળ દ્રવ્યસ્વરૂપ હોત તો પર્યાયમાં વ્યક્ત ન હોત. શું અહીંયા વાત છે ? કોઈક આમાં મૂંઝાય છે કે, નિત્ય અને અનિત્ય બન્ને પડખાં તો બરાબર સમજાય છે, બે થઈને પ્રમાણ છે એ પણ બરાબર સમજાય છે, વળી આ અનઉભયનું નવું તૂત ક્યાંથી આવ્યું ? કે જે દ્રવ્ય પણ નહિ ને પર્યાય પણ નહિ ! અને નિત્ય (અંશને) પણ વ્યવહારમાં નાખે છે ! નિત્ય તો ખરેખર નિશ્ચયનયનો વિષય છે અને એને વ્યવહારમાં નાખે છે. એટલે બે ઠેકાણે મૂંઝવણ થઈ – નિશ્ચયને વ્યવહાર કીધો અને અનઉભયની વાત જુદી લીધી. આ તો વાત જ કંઈક નવી છે !! અમે તો દ્રવ્ય, ગુણ, પર્યાયને સમજીએ, સામાન્ય-વિશેષને સમજીએ, બે થઈને પ્રમાણને સમજીએ પણ બેમાંથી એક પણ નહીં એવું ત્રીજું છે એ શું વળી ? (તો સમાધાન એમ છે કે) જો (સ્વભાવ) કેવળ દ્રવ્યસ્વરૂપ કે નિત્યસ્વરૂપ હોત તો પર્યાયમાં ન હોત (અને) જો પર્યાયમાં છે અને એ (માત્ર) અનિત્યને લઈ લ્યો તો દ્રવ્યમાં ન હોત – નિત્યમાં ન હોત.



માટે ન તો એને નિત્યતા લાગુ પડે છે કે ન તો એને અનિત્યતા લાગુ પડે છે. અનઉભયસ્વરૂપ છે, જાઓ ! ઉભયસ્વરૂપ ન લીધું ! અનઉભયસ્વરૂપ લીધું !!

શેના આધારે (સ્વરૂપ) નિર્ણય છે ? રાગનો આધાર નથી. મનનો આધાર કહો તો રાગનો આધાર થઈ ગયો (પણ) એમ નથી. (સ્વરૂપ નિર્ણય થાય છે) ત્યારથી (સ્વરૂપ) સન્મુખ થાય છે અને સન્મુખતામાં પુરુષાર્થ વૃદ્ધિગત થાય છે ત્યારે અનુભવ થાય છે. લક્ષ તો લક્ષ થઈ ગયું ત્યારથી એમને એમ છે. પુરુષાર્થની અંદર જેટલું કારણ આપે તેટલું કાર્ય થાય. એમ કહેવું છે.

એ ત્રીજા બોલમાં પ્રમાણનો વિષય લીધો કે જેમાં મુખ્ય-ગૌણનો પ્રશ્ન નથી. કોઈ 'દિ ક્લાસમાં બેઠા નથી તો પણ પ્રમાણનો વિષય ખોલ્યો છે. કોઈ એમ કહે કે, એ તો નિશ્ચયાભાસી હતાં ને નિશ્ચયને ઠપકાર્યે રાખતાં હતાં. પણ એમ નથી. આ પ્રમાણનો વિષય કેટલો ચોખ્ખો છે ! અને એને (કહેનારને) પૂછો તો ખ્યાલ ન પડે. (આ તો) સ્પષ્ટ વિવરણ કરી શકે છે, વ્યક્ત કરી શકે છે. વિષય જ્ઞાનમાં આવવો એક વાત (છે) આ તો વ્યક્ત કર્યો છે. નહિતર વ્યક્ત ન કરે ત્યાં સુધી બીજાને વિશ્વાસ ન આવે. પરિણમન તો એમનું અંતર્મુખી અરૂપી પરિણમન છે એ બહાર કેમ ખબર પડે ? એ તો બહાર આવે એવી કંઈ વાત આવે ત્યારે જ ખબર પડે, ત્યાં સુધી ખબર ન પડે.

૪. **"સ્વકે માપસે અન્યકા માપ કિયા જાતા હૈ."** આ એક General સિદ્ધાંત છે. દરેક માણસ પોતાના દૃષ્ટિકોણથી બીજાને માપતો હોય છે. પોતાનો દૃષ્ટિકોણ એ માપવાનું સાધન છે અને એનાથી બીજા મપાય છે. આ સર્વ સામાન્ય સિદ્ધાંત છે. મારી પાસે ફૂટપટ્ટી હોય તો ફૂટપટ્ટીથી માપુ. જે ફૂટપટ્ટી હોય એનાથી માપુ. માપ કરવાના સાધનથી માપે. દરેક જીવ પાસે શું સાધન છે ? પોતાની દૃષ્ટિ. 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' એટલે પોતાના માપથી બીજાનું માપ થાય છે.

આ ઈશ્વરકર્તા ક્યાંથી થયું ? ઈશ્વર જગતનો કર્તા ક્યાંથી થઈ ગયો ? કે જગતની પાસે તો કર્તાપણું જ પડ્યું છે તો ઈશ્વરકર્તા નહીં કરે તો શું કરશે ? પોતાના માપે એ ઈશ્વરને માપશે. જ્ઞાનીને પણ પોતાના માપથી માપશે. જેમ જ્ઞાની ખાય છે એમ હું ખાઉં છું, હું બોલું છું એમ એ બોલે છે, હું સૂવું છું એમ એ સુવે છે, હું જાગું છું એમ એ જાગે છે, (હું) બેસું છું એમ બેસે છે. (એમ) સામાન્ય રીતે પોતાના માપથી બીજાનું માપ કરવામાં આવે છે. હવે ધર્મીની વાત કરે છે.

**''મૈં' ત્રિકાલી હી હૂં...''** ધર્મી પાસે શું દૃષ્ટિકોણ છે ? ધર્મીની દૃષ્ટિ શું છે ? કે, **''મૈં' ત્રિકાલી હી હૂં, ઇસ અનુભવમેં પરિણામ માત્ર ગૌણ હૈ,...''** (પ્રમાણમાં) તો મુખ્ય-ગૌણ કાંઈ નથી. (અહીંયા કહે છે કે), અહીંયા પરિણામ માત્ર ગૌણ છે, ચાહે શુદ્ધ હોય, ચાહે અશુદ્ધ હોય, પરિણામ માત્ર ગૌણ છે. **''...ચાહે બુદ્ધિપૂર્વક હો યા અબુદ્ધિપૂર્વક.''** બધાં પરિણામ ગૌણ છે. **''ઐસે ધર્મીકો કભી પરિણામકી મુખ્યતા નહીં હોતી.''** ક્યારેય એને પરિણામની મુખ્યતા ન થાય. **''અતઃ ઉસે અન્ય ધર્મી જીવમેં ભી...''** એટલે બીજા ધર્મીનું માપ પણ એ રીતે કાઢે છે. આવો જે ધર્મી છે એ બીજા ધર્માત્માનું પણ એ રીતે કાઢે છે કે, **''...ઉસે અન્ય ધર્મી જીવમેં ભી પરિણામકી મુખ્યતા નહીં દિખાઈ દેતી;...''** (અર્થાત્) મને એ પરિણામ મુખ્ય નથી (તો) એ ધર્માત્મા છે એને (પણ) પરિણામ મુખ્ય હોય નહિ. **''જૈસે કિ માત્ર પરિણામ દેખનેવાલેકો પ્રવૃત્તિકી મુખ્યતા દિખતી હૈ.''** જેને પરિણામ જોવાની મુખ્યતા છે એ તો પ્રવૃત્તિની મુખ્યતા જોશે કે, એ શું કરે છે ? કેવી રીતે એની બધી બહારની ચેષ્ટા હોય છે ? કેમકે એને પરિણામની મુખ્યતા છે. ધર્મીને પરિણામની મુખ્યતા નથી એટલે એ બાહ્ય પ્રવૃત્તિની મુખ્યતા જોતાં નથી.

મુમુક્ષુ :- માતાજીનો બોલ છે ને કે, અમે તો બધાંને ભગવાન જ જોઈએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમે તો બધાંને ભગવાન જ (જોઈએ છીએ). અનંતા જ્ઞાનીઓની એક દૃષ્ટિ છે – અમે તો બધાંને ભગવાન જોઈએ છીએ.

**૫. ''ધર્મી, અધર્મીકે ભી ત્રિકાલી વ વર્તમાન દોનોંકો એક સાથ દેખતા હૈ.''** ચોથામાં તો ધર્મી, ધર્મીને (કેવી રીતે) જોવે છે એની વાત લીધી. હવે, પાંચમાંમાં ધર્મી, અધર્મીને કેવી રીતે જોવે છે, (એ કહે છે) – **''ધર્મી, અધર્મીકે ભી ત્રિકાલી વ વર્તમાન દોનોંકો એક સાથ દેખતા હૈ.''** (અર્થાત્) અમે માત્ર પરિણામને નથી જોતાં. એના ત્રિકાળી (સ્વભાવને) પણ જોવે છે. ભગવાન આત્માને પણ જોવે છે અને એના વર્તમાન દોષને પણ જોવે છે. અને એમાં એમ એ જોવે છે – ધર્મી, અધર્મીને એમ જોવે છે કે, **''ત્રિકાલીકા અભાન હોનેસે,..''** (અર્થાત્) આ જીવને પોતાના ત્રિકાળી (સ્વરૂપની) ખબર નથી. એને એનું ભાન નથી. પોતે શું છે એનું એને ભાન નથી. **''ત્રિકાલીકા અભાન હોનેસે અધર્મીકો પરિણામ માત્રમેં એકત્વ હોતા હૈ,..''** માટે એ અધર્મીને તો પરિણામ માત્રમાં એકત્વ થાય છે. એનું કારણ શું છે કે, એ પોતાના ત્રિકાળીનું ભાન ભૂલ્યો છે. **''ઇસકા ધર્મીકો જ્ઞાન રહતા હૈ.''** ધર્મીને એનું જ્ઞાન રહી જાય છે. એમના પ્રત્યે દ્વેષ થતો નથી. આને કેમ આમ છે ? એમ દ્વેષ થતો નથી. એ બિચારો જીવ પોતાના ત્રિકાળી સ્વરૂપ – ભગવાન આત્માને ભૂલ્યો છે માટે એને એક સમયના પરિણામમાં એકત્વ થાય છે, એનું ધર્મીને જ્ઞાન રહી જાય છે, (એટલે) રાગ પણ થતો નથી અને દ્વેષ પણ થતો નથી, (માત્ર) એને એનું જ્ઞાન રહે છે. મને તો એનું ત્રિકાળી (સ્વરૂપ) અને વર્તમાન બન્ને દેખાય છે. એમાં એમ દેખાય છે કે, એના વર્તમાનમાં એ પોતાના ત્રિકાળી (સ્વરૂપને) ભૂલ્યો છે અને એક સમયના પરિણામમાં એને એકત્વ થઈ રહ્યું છે. આ એની પરિસ્થિતિ છે. એમાં એનો રોષ શું કરવો ? એનો તોલ શું કરવો ? (હવે છઠ્ઠો મુદ્દો).

**૬. ''વૃત્તિ અપેક્ષા ત્રિકાલીકી મુખ્યતાવાલે ધર્મીકો સહજ હી ઇસ મુખ્ય આશ્રિત વૃત્તિકી હી મુખ્યતા રહતી હૈ, વર્તતી હૈ; ચાહે બાહ્યાંશમેં બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ હો.''** આ તમારો ઉત્તર આવ્યો. વૃત્તિ અપેક્ષાએ ત્રિકાળીની મુખ્યતાવાળા ધર્મીને. પરિણામની અપેક્ષાએ જોઈએ તો; વૃત્તિ એટલે પરિણામની મુખ્યતાએ જોઈએ તો જેને ત્રિકાળીની મુખ્યતા થઈ છે એવા ધર્મીને, **''...સહજ હી ઇસ મુખ્ય આશ્રિત વૃત્તિકી હી મુખ્યતા રહતી હૈ,...''** જુઓ ! ચોથા (મુદ્દામાં) એમ કહ્યું કે, એને એક પણ પરિણામની મુખ્યતા ન હોય. ધર્મીને શુદ્ધ કે અશુદ્ધ એક પણ પરિણામની મુખ્યતા ન હોય. કોઈ કહે કે, પણ એમને પરિણામ તો બે જાતના છે – એક એને બુદ્ધિમાં દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેની રાગની

પણ પ્રવૃત્તિ છે અને એક એને વીતરાગી પરિણતિ પણ છે, તો આ બે સરખી છે ? તો કહે છે, ના, બન્ને સરખી નથી. ત્રિકાળીને મુખ્ય કર્યો છે અને એનો આશ્રય કરવાવાળી જે શુદ્ધ વૃત્તિ છે એની મુખ્યતા છે. બેની સરખામણી કરવામાં આવે તો. નિશ્ચય મુખ્ય છે અને વ્યવહાર ગૌણ છે, એમ કહેવું છે. આમ ચાલે છે.

''...**મુખ્ય આશ્રિત વૃત્તિકી હી મુખ્યતા રહતી હૈ, વર્તતી હૈ; ચાહે બાહ્યાંશમેં બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ હો.**'' (અર્થાત્) ભગવાનની ભક્તિ કરે, ભગવાનની આરતી કરે, પૂજા કરે, અરે...! ભગવાનની સામે ઇન્દ્ર નાચે ! ઘૂઘરા બાંધીને નાચે. ચર્ચામાં લીધું છે ને ! ઇન્દ્ર પણ બાળ તીર્થંકરની સામે ઘૂઘરા બાંધીને નાચે છે. (કોઈ તર્ક કરે કે), પણ એ તો ચોથા ગુણસ્થાનવાળા છે, હજી એમનો ઉપદેશ પણ સાંભળ્યો નથી ! આ તો એક અભિપ્રાય પ્રવર્તે છે કે, જેનો ઉપકાર થાય એની ભક્તિ કરીએ. અમને જેમનો ઉપકાર ન થયો હોય એની ભક્તિ અમે કેમ કરીએ ? (તો એનો જવાબ એમ છે કે), જે તીર્થંકર જન્મ્યા, એમનો ઉપદેશ તો, તીર્થંકર થયા પહેલા ઉપદેશ તો દેવાના નથી – તેરમાં ગુણસ્થાન પહેલા ઉપદેશ નહીં દે. તો અહીંયા ચોથા ગુણસ્થાને બાળ તીર્થંકર જન્મ્યા, એની ઇન્દ્ર (પોતે) સમ્યક્‌દૃષ્ટિ થઈને ભક્તિ શું કરવા કરે છે ? એનામાં જ્ઞાન નથી ? સમ્યક્‌દૃષ્ટિ અજ્ઞાની છે ? ઘૂઘરા બાંધીને ભક્તિ કરે છે. ઘૂઘરા બાંધવાનો અર્થ શું છે, ખબર છે ? કે, પોતાને કેટલી નમ્રતા આવી છે ! એક જ્ઞાનીને બીજા જ્ઞાનીજીવ પ્રત્યે કેટલી નમ્રતા !! એને ખબર નથી આમનું ગુણસ્થાન શું છે ? તીર્થંકર જન્મ્યા એનું શું ગુણસ્થાન છે એ ખબર નથી ? કે, ચોથું અવિરત ગુણસ્થાન છે. છતાં ઘૂઘરા બાંધીને કેમ નાચે છે ? એટલી નમ્રતા આવે છે.

મુમુક્ષુ :- ઇન્દ્રને તો ભૂતકાળમાં પણ એનાથી કાંઈ ઉપકાર થયો હોય, એવું કાંઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એવું કાંઈ નથી. એવું જરૂરી નથી કે ઉપકાર થયો હોય તો જ એની ભક્તિ થાય, એવું જરૂરી નથી. એ તો '**સાંત દસા તિન્હકી પહિચાની, કરૈ કર જૌરિ બનારસિ વંદન**' એમની શાંત દશા જોવે છે. બાળ તીર્થંકરની પણ શાંત દશા જોવે છે. ભલે ઘોડિયામાં સુતાં-સુતાં નાના બાળકની જેમ હાથ-પગ હલાવતાં હોય, પણ એની (પણ) શાંત દશા જોવે છે. હાથ-પગ જોતા નથી. એ (ઇન્દ્ર) એને વંદન કરે છે, એની પૂજા કરે છે ! અષ્ટ દ્રવ્યથી એની પૂજા કરે છે. જન્મકલ્યાણક ઉજવે ત્યારે પૂજા કરે, પછી અભિષેક કરે એ પણ પૂજાનું જ અંગ છે. મેરુ પર્વત ઉપર લઈ જઈને અભિષેક કરે છે એ એક જાતની પૂજા જ છે. અભિષેક એ પૂજાનું અંગ છે. વંદન કરે છે એ પૂજાનું અંગ છે, સ્તુતિ કરે છે એ પૂજાનું અંગ છે. એ બધાં પૂજાના અવયવ છે. અભિષેક થઈ ગયા પછી અષ્ટ દ્રવ્યથી બધાં ઇન્દ્રો પૂજા કરે છે. (તો પછી) સમ્યક્‌દૃષ્ટિને અર્ઘ ચડાવ્યો કે ન ચડાવ્યો ? એ વખતે સમ્યક્‌દૃષ્ટિને અર્ઘ ચડાવ્યો કે ન ચડાવ્યો ? આઠે આઠ દ્રવ્યથી ચડાવ્યો. આખી પૂજા કરી. એક અર્ઘ નથી બોલ્યાં ત્યાં આઠેય દ્રવ્યથી આખી પૂજા કરી.

છ ઢાળામાં લીધું જ છે ને ? એ તો દિગંબરમાં જ છે ને ! છઢાળા ક્યાં શ્વેતાંબરમાં છે ! ''**લેશ ન સંજમ પૈ સુરનાથ જજૈ હૈં.**' એ ક્યાંથી આવ્યું ? એ બાળ તીર્થંકરની વાત છે. ભગવાને હજી લેશ સંયમ પ્રગટ નથી કર્યો. (છતાં) સુરનાથ એટલે ઇન્દ્ર એને ભજે છે. કથાનુયોગની વાત તો સમજાવી જોઈએ ને ! દ્રવ્યાનુયોગની ન સમજાય તો કાંઈ નહિ ! આ તો કથાનુયોગની વાત છે. ચોવીસે તીર્થંકરની પાંચે કલ્યાણકની એક જ પ્રકારની પરિસ્થિતિ થાય. એ કથાનુયોગની વિશેષતા છે, જૈનદર્શનના ચાર અનુયોગમાં કથાનુયોગની આ વિશેષતા છે કે, ચોવીસ તીર્થંકરના પુરાણ લખાય એમાં ભાગ્યે જ કોઈ તીર્થંકરના છદ્મસ્થદશાની વિશેષતાની કથા આવે. જેમકે આ પાર્શ્વનાથ ભગવાનની અમુક (વાતો) આવી, એવી રીતે મહાવીર ભગવાનની થોડી (વાતો) આવી, કોઈ-કોઈ પ્રસંગ આવ્યો. બાકી લગભગ કોઈ પ્રસંગની કથા જ ન આવે. ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, તપકલ્યાણક, જ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણક બધાંમાં એક સરખું જ વર્ણન આવે. ચોવીસે તીર્થંકરનું મહાપુરાણ છે એ તમે વાંચો (તો) તમને એમ લાગે કે, આ મહાપુરાણ આવી રીતે લખ્યું છે !! બધાંનું એકસરખું જ (વર્ણન) આવે. કેમકે પુણ્ય એક સરખા છે, પ્રસંગ (બધાં) એક સરખા ઉજવે છે, કેમકે એના એ ઇન્દ્ર હોય છે. જે પહેલા તીર્થંકરના (પ્રસંગમાં) સૌધર્મ ઇન્દ્ર આવે એ ચોવીસમાં તીર્થંકરમાં પણ એ જ સૌધર્મ ઇન્દ્ર આવે. એ તો અસંખ્ય તીર્થંકરના પંચકલ્યાણક ઉજવે છે. એમના તો આયુષ્ય બહુ મોટા છે ને !

(અહીંયા શું કહે છે ?) પરિણામની અપેક્ષાએ જો વિચારવામાં આવે તો ધર્મીજીવને પોતાના પરિણામમાં જે મુખ્ય પરિણમન છે એ શુદ્ધ પરિણમન મુખ્ય છે, અશુદ્ધ પરિણમન છે એ ગૌણ છે, ભલે એ અશુદ્ધ પરિણમનમાં બુદ્ધિપૂર્વક દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ-પૂજાના પરિણામ હોય, પણ એ ગૌણ છે. બહુ ભક્તિ કરે ત્યારે કોઈને એમ લાગે કે, અત્યારે પરિણામની મુખ્યતા થઈ ગઈ હશે ને ! જ્ઞાની તો નાચવા મંડ્યા !! (જ્ઞાની) નાચે પણ ખરા. એટલે એને અત્યારે મુખ્યતા થઈ ગઈ હશે કે નહિ ? નહીં, એ પરિણામની મુખ્યતા નથી થઈ (પરંતુ) અંદર જે શુદ્ધ પરિણતિ છે એની જ મુખ્યતા છે અને એનો જે વિષય ત્રિકાળી (સ્વરૂપ) છે એની જ મુખ્યતા છે.

મુમુક્ષુ :- શબ્દો કેવા વાપર્યા છે ! ત્રિકાલીકી મુખ્યતાવાલે ધર્મીકો !

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધર્મી કેવાં ? કે, ત્રિકાળીની મુખ્યતાવાળા ધર્મી (છે). વિશેષણ લગાડ્યું છે. એ એમની લખવાની શૈલી છે. ધર્મીની વૃત્તિ અપેક્ષાએ વાત કરવી છે. પણ ક્યા ધર્મી ? કે, ત્રિકાળીની મુખ્યતાવાળા ધર્મી.

૭. **''ત્રિકાલી તો પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ પરિણામકા હી કર્તા નહીં હૈ.''** એક સમયના પરિણામના કર્તા નથી, (પરંતુ) અપરિણામી છે. ત્રિકાળી છે એ તો અપરિણામી છે. એ તો પ્રવૃત્તિના પણ કર્તા નથી ને નિવૃત્તિના પણ કર્તા નથી. ત્રિકાળી સ્વરૂપ તો પ્રવૃત્તિ-નિવૃત્તિની અપેક્ષાથી પર છે. **''પરિણામકા કર્તા પરિણામ હી હૈ, યહ અપેક્ષા ભી અપની ચર્ચામેં આયી હી થી.''** આપણી ચર્ચામાં તો એ વાત થઈ ગઈ છે કે, પરિણામનો કર્તા પરિણામ છે. એટલે પત્રમાં એ વાત દોહરાવી છે. કર્તા-કર્મની ચરમસીમાનો પત્ર આવ્યો ને ? (પત્રાંક-૨૪). **''પર્યાય હી પર્યાયકા કર્તા હૈ, ત્રિકાલી અંશ અથવા આખા દ્રવ્ય નહીં, યહ 'કર્તા-કર્મ'કી ચરમ સીમા હૈ.''** એ વાત આવી ગઈ છે. અહીંયા પણ એ વાત આવી. ચર્ચામાં પણ એ વાત ચાલી હતી.

એ પ્રશ્ન એ વખતે કોઈ ચર્ચાસ્પદ નહોતો. પણ સહેજે એ વાત ચાલતી હતી કે, એક સમયનું પરિણામ તે જ પરિણામનું કર્તા છે. એ વાત રાજવાર્તિકમાંથી મળી. પર્યાય જ પર્યાયનો કર્તા. પર્યાયનું કારણ-કાર્ય પર્યાયમાં જ છે. એ મથાળા નીચે એમણે લીધું છે. રાજવાર્તિકનો (આ) એક જ આધાર મળ્યો છે.

એ ૩૩ મો પત્ર પૂરો થયો.

---

***(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)***

હૈ ઉસમેં જાને સે હમારા ક્યા નુકસાન હોગા ?

સમાધાન :– યથાર્થ તત્ત્વ સમજને સે બાહર મેં કયા કરના વો અપને આપ સમજ મેં આયેગા. મૈં જ્ઞાયક હૂં, ચૈતન્યસ્વભાવ હૂં ઔર વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, શરીર ભિન્ન હૈ. ઐસી ભેદજ્ઞાનકી બાત સમજો, પીછે યથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરુ કૈસા હોતા હૈ ઔર અન્ય જગહ જાનેસે ક્યા નુકસાન હોતા હૈ વહ અપને આપ સમજ મેં આ જાયગા.

મૂળ પ્રયોજનભૂત જ્ઞાયક કો સમજો, ઉસીમે સચ્ચા દેવ-શાસ્ત્ર-ગુરુ આ જાતા હૈ. દેવ કૈસે હોતે હૈં ? દેવ વીતરાગી હોતે હૈં, સમવસરણ મેં બિરાજતે હૈં, ઉન્હેં વિકલ્પ નહીં હૈ, સ્વરૂપમેં પૂર્ણ લીન હો ગયે હૈં. ઉનકી નાસાગ્ર દૃષ્ટિ હૈ. ભગવાન વીતરાગી હૈ તો પ્રતિમા ભી વૈસી હોની ચાહિયે. પ્રતિમા મેં ફેરફાર કરના વો યથાર્થ નહીં હૈ. ઇસલિયે ક્યા કરના સો અપને આપ સમજ લેના. ભાવમેં સચ્ચાપન હોવે તો બાહર મેં નમસ્કાર ભી સચ્ચે કો હોતા હૈ, યહ સબ યથાર્થ તત્ત્વ સમજને સે સમજ મેં આ જાયેગા.

જો જ્ઞાયકકો સમજે ઉનકા વ્યવહાર ભી સચ્ચા હોતા હૈ. વોહી દેવ-શાસ્ત્ર-ગુરુકો સમજતે હૈં. જૈસા ભગવાન હૈ વૈસી હી પ્રતિમાજી કી સ્થાપના હોતી હૈ તથા વો પ્રતિમાજી કો નમસ્કાર હોતા હૈ, તત્ત્વ સમજનેસે અપને આપ સમજ મેં આ જાયેગા કિ ક્યા કરના ચાહિયે. જબ અપને ભાવમેં નિશ્ચય-વ્યવહાર સમજ મેં આયેગા તબ અપને આપ ગલત માન્યતા છૂટ જાયેગી. નહીં છૂટતા તબ તક વિચાર કરના કિ ક્યા સચ્ચા હૈ ? જબ સમજ મેં આ જાયગા તો ઉનકો માનનેસ સે ક્યા નુકસાન હૈ વહ અપને આપ સમજ મેં આયેગા ઔર છૂટ જાયેગા. **(સ્વાનુભૂતિદર્શન-૨૫૫)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– શ્રીમદ્જીમાં આવે છે કે સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ તે દ્રવ્યાનુયોગ પરિણમ્યાનું મૂળ છે એ કોઈ કાળે ભૂલીશ નહિ. ત્યાં શું કહેવું છે ?

સમાધાન :– જેને દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમી ગયો. તેને સંયમ ક્રમે ક્રમે આવી જ જાય છે. તેને સ્વરૂપરમણતા પ્રગટ થઈ ચારિત્ર પ્રગટે છે. મુમુક્ષુ દશામાં અમુક પ્રકારે તેને બહારથી રુચિ છૂટી જાય છે. વૈરાગ્ય આવી જાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૫૧)**

પ્રશ્ન :– અર્પણતા એટલે શું ?

સમાધાન :– અર્પણતામાં બધા આગ્રહો છૂટી જવા જોઈએ, આગ્રહોના નાંગળા ઢીલા થઈ જાય તો અર્પણતા થાય. અર્પણતામાં બધા આગ્રહો–કે હું કાંઈ જાણું છું તે છૂટી જવું જોઈએ. કોઈ જાતની પક્કડ ન રહેવી જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૫૨)**

પ્રશ્ન :– નિર્ણય કરીએ અને અમુક સમયે નિર્ણય છૂટી જાય તેનું કારણ શું ?

સમાધાન :– રુચિ ન હોય તો નિર્ણય થઈને છૂટી જાય. રુચિ પ્રબળ હોય તો એમ ને એમ નિર્ણય ટકાવી રાખે અને તેનો નિર્ણય આગળ કાર્ય કરે કે આ હું છું–આ હું નથી. એમ રુચિ હોય તો નિર્ણય તેનું દઢતાપૂર્વક કાર્ય કર્યા કરે. આવું તેને પ્રથમ અભ્યાસરૂપ હોય. આ હજી યથાર્થ નથી, પણ તેનો અભ્યાસ કરતાં–કરતાં યથાર્થ થવાનો અવકાશ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૫૩)**

પ્રશ્ન :– શાસ્ત્રના જ્ઞાનનો ઉઘાડ હોય તે શું ઘોલન નથી ?

સમાધાન :– ના, તે ઘોલન નહિ. મૂળ તત્ત્વનું ઘોલન–ચૈતન્યનું ઘોલન તે અંદરનું ઘોલન છે, પછી તે ઘોલનમાં ઝાઝું ટકી ન શકે તો શાસ્ત્રના વિચાર આવે તે વાત જુદી છે. પ્રયોજનભૂત તત્ત્વના વિચાર આવે કે મારાં દ્રવ્ય-ગુણ-પર્યાય કેવાં છે ? હું બધાથી ન્યારો છું તો કેમ ન્યારો થાઉં ! કેમ અંતરમાં આ ભેદજ્ઞાન પ્રગટ થાય ? એમ વિચારો આવે.

જેમ ભગવાન અને ગુરુના આંગણે ટહેલ મારે તેમ જ્ઞાયકને ગ્રહણ કરવા માટે વારંવાર ટહેલ માર્યા કરે, તેનો વારંવાર અભ્યાસ કર્યા કરે, ભગવાનના દર્શન માટે ભગવાનના દ્વારે ટહેલ મારતો હોય, ગુરુના દર્શન માટે ગુરુના આંગણે ટહેલ મારતો હોય, અને જ્યાં ભગવાનનાં દ્વાર ખૂલે અને ભગવાનનાં દર્શન થાય–ગુરુના દર્શન થાય તેમ ચૈતન્યના આંગણે ટહેલ માર્યા કરે કે ચૈતન્યનાં દર્શન કેમ થાય ? મારા ચૈતન્યનો સ્વભાવ શું ? તેની મહિમા શી ? તેમ જો વારંવાર ટહેલ મારે અને અભ્યાસ કરે તો ચૈતન્યનાં દ્વાર ખૂલી જાય ને દર્શન થાય.

જો ભગવાનને દ્વારેથી છૂટી જાય–થાકી જાય તો દર્શન ન થાય. તેમ અહીં તેણે અંદરથી થાકવું નહિ–નિરાશ થવું નહિ. ગુરુની મહિમા લાગે તો ગુરુના આંગણે ટહેલ મારતાં ગુરુનાં દર્શન થાય તેમ ચૈતન્યના આંગણે વારંવાર ટહેલ માર્યા કરે, ચૈતન્યનો વિચાર–અભ્યાસ કર્યા કરે ને તેનું રટણ કર્યા કરવું જોઈએ.

ચૈતન્ય ગ્રહણ નથી થતું માટે તેનું રટણ મૂકવું જોઈએ નહિ. અંતરમાં નાંખેલા જે સંસ્કાર છે તે અંદરમાંથી કામ કર્યા વગર રહેવાના જ નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૫૪)**

પ્રશ્ન :– હમારે વહાં મંદિર નહીં હૈ, શ્વેતાંબર મંદિર

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૯ ઉપર)**

## ૩૨૯




મુંબઈ, માહ વદ, ૧૯૪૮

ન ગમતું એવું ક્ષણવાર કરવાને કોઈ ઇચ્છતું નથી. તથાપિ તે કરવું પડે છે એ એમ સૂચવે છે કે પૂર્વકર્મનું નિબંધન અવશ્ય છે.

અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણવાર પણ મટતું નથી. તથાપિ અનેક વર્ષો થયાં વિકલ્પરૂપ ઉપાધિને આરાધ્યા જઈએ છીએ.

જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી કોઈ જાતની ઉપાધિ હોવી તો સંભવે છે; તથાપિ અવિકલ્પ સમાધિમાં સ્થિત એવા જ્ઞાનીને તો તે ઉપાધિ પણ અબાધ છે, અર્થાત્ સમાધિ જ છે.

આ દેહ ધારણ કરીને જોકે કોઈ મહાન શ્રીમંતપણું ભોગવ્યું નથી, શબ્દાદિ વિષયોનો પૂરો વૈભવ પ્રાપ્ત થયો નથી, કોઈ વિશેષ એવા રાજ્યાધિકારે સહિત દિવસ ગાળ્યા નથી, પોતાનાં ગણાય છે એવા કોઈ ધામ, આરામ સેવ્યાં નથી, અને હજુ યુવાવસ્થાનો પહેલો ભાગ વર્તે છે, તથાપિ એ કોઈની આત્મભાવે અમને કંઈ ઇચ્છા ઉત્પન્ન થતી નથી, એ એક મોટું આશ્ચર્ય જાણી વર્તીએ છીએ; અને એ પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિ બન્ને સમાન થયાં જાણી ઘણા પ્રકારે અવિકલ્પ સમાધિને જ અનુભવીએ છીએ. એમ છતાં વારંવાર વનવાસ સાંભરે છે, કોઈ પ્રકારનો લોકપરિચય રુચિકર થતો નથી, સત્સંગમાં સુરતી પ્રવહ્યા કરે છે, અને અવ્યવસ્થિત દશાએ ઉપાધિયોગમાં રહીએ છીએ. એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી.

જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ એ માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ ક્વચિત જ થાય છે. તે વાટે કોઈ વાત જાણવાનું અથવા સિદ્ધ કરવાનું ક્યારેય યોગ્ય લાગતું નથી, અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી.

પૂર્વ નિબંધન જે જે પ્રકારે ઉદય આવે, તે તે પ્રકારે ... અનુક્રમે વેદન કર્યાં જવાં એમ કરવું યોગ્ય લાગ્યું છે.

તમે પણ તેવા અનુક્રમમાં ગમે તેટલા થોડા અંશે પ્રવર્તાય તોપણ તેમ પ્રવર્તવાનો અભ્યાસ રાખજો અને કોઈ પણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનો અભ્યાસ ઓછો કરજો; એમ કરવું અથવા થવું એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

કોઈ પણ પ્રકારનો ઉપાધિપ્રસંગ લખો છો તે, જોકે વાંચ્યામાં આવે છે, તથાપિ તે વિષે ચિત્તમાં કંઈ આભાસ પડતો નહીં હોવાથી ઘણું કરીને ઉત્તર લખવાનું પણ બનતું નથી, એ દોષ કહો કે ગુણ કહો પણ ક્ષમા કરવા યોગ્ય છે.

સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી. તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે, અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

લિ. વીતરાગભાવના યથાયોગ્ય.

## મોક્ષમાર્ગ રહસ્ય પ્રકાશક નિષ્કારણ કરુણામૂર્તિ
## મુમુક્ષુજીવોના પરમ હિતસ્વી જિનવાણી મર્મજ્ઞ
## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના
## ૭૯મા જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે
## કોટી કોટી વંદન !!



નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત, પરમાગમ-સુધાના રહસ્યજ્ઞ, જિનમાર્ગ પ્રતિ અખંડ નિષ્ઠાવાન, જેમની નિષ્કારણ કરુણાને નિત્ય સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, મોહસ્વંયભૂરમણ સમુદ્રને ભુજાએ કરી તરી ગયા, એવા હે પ્રખર પુરુષાર્થના સ્વામી ! ભાવ અપ્રતિબદ્ધપણે વિચરનારા, આપના પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ હો, એ ભાવનાસહિત આપના ચરણોમાં ભક્તિ-પુષ્પ અર્પણ કરીએ છીએ !

- સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર